PK
6197
D616
1874
v. 8

SEAL OF THE UNIVERSITY OF CALIFORNIA
LET THERE BE LIGHT
1868

THE LIBRARY
OF
THE UNIVERSITY
OF CALIFORNIA
LOS ANGELES

I Dinkard

THE

DINKARD.

THE ORIGINAL PAHLAVI TEXT; THE SAME TRANSLITERATED IN ZEND CHARACTERS; TRANSLATIONS OF THE TEXT IN THE GUJARATI AND ENGLISH LANGUAGES; A COMMENTARY AND A GLOSSARY OF SELECT TERMS

BY

PESHOTAN DASTUR BEHRAMJEE SANJANA.

VOL. VIII.

PUBLISHED UNDER THE PATRONAGE

OF THE

SIR JAMSHEDJI JEEJEEBHAI TRANSLATION FUND.

Bombay:

PRINTED AT THE DUFTUR ASHKARA OIL ENGINE PRESS.

87 COWASJEE PATELL STREET, FORT.

IN THE YEAR 1267 OF YEJDAJARD, AND 1897 OF CHRIST.

દીનકર્દ કેતાબ,

તેહની

અસલ પેહલવી એબારત, જંદ અક્ષરે ઉચ્ચાર, ગુજરાતી
તથા ઈંગરેજી તરજુમો, શરેહ, અને અગતજોગ
પેહલવી શબ્દોની ફરહંગ સાથે.

બનાવનાર,

પેશોતન દસ્તુર બેહરામજી સંજાણા.

દફતર આઠમું.

સર જમશેદજી જીજીભાઈ ટરાંસલેશન ફંડના આસરા હેઠલ
છપાવી પરગટ કરયું છે.

મુંબઈ,

દફતર આશકારા ઑઈલ ઈનજીન પ્રેસમાં છાપ્યું છે.

કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ, નાં૦ ૮૭.

સને ૧૨૬૭ યજદજરદી.

ઇસ્વી સને ૧૮૯૭.

PK
6197
D616
1874
v.8

સાંકળ્યું.

સફે.

હયાતી તથા હયાતીનો સંબંધ આપનારી કેહી ચીજ છે? તથા તે હયાતી આપનારો અને હસ્તીનો સંબંધ આપનારો શા સબબને સારૂ છે ૪૬૩
આતમાને પેદા કરનારાં મુલ—તેના ભલા ખવાસને મદદ કરનાર—તેને આએ દુનીઆનાં બીયાની અંદર રસ્તો કરી આપનાર—બદનનાં બીઆંની અંદર તેનાં મુલને પાલનાર—તેનો સંભાલ કરનાર—અને (જુદી જુદી જાતમાં) આતમાને વેંહચવાનો હોકમ કરનાર તથા તેનાં કયાં કામથી અહુરમજદની તરફનો પાછો બદલો મેલવનાર તથા આતમા પોતાને અસલ મુલની સાથે પાછો મેલવનાર કોણથી છે ૪૬૫
વાચા (યાને બોલવા) થી આતમાને ફાયદો કરવો તથા તેને લગતાં નુકસાનને દાબી નાખવું છે ૪૬૬
હયાતીનાં મુલ તથા આએ દુનીયાંની કાયા વિશે ૪૬૭
આતમાની જીંદગી તથા મરણ વિશે તથા તેને વગર તેજનો બનવાની નિશાણી વિશે ૪૬૯
રોશની અને અંધારૂ તથા તેને લગતા ફાયદા અને નુકસાન વિશે.. .... ૪૭૦
અહુરમજદની ચહડતે દરજજેની કોઅતથી દીનદાર લોકો વખતને લગતી ધાતને તોદેછે ૪૭૧
આતમા અને બદનના અવ્યવો વિશે.. .... ૪૭૧
ઓદાપ્રસ્તિના ચહડતા દરજજા વિશે.. .... ૪૭૩
યજદાંની કોઅતને લગતા પેદાએશના વિચાર વિશે ૪૭૩
કામ કરનારાઓની અંદર વીસવાસ રાખવા જોગ, અહુરમજદને લગતા પુરતા વિચારવાળા ત્રણ મજદીઅસનાંનો છે.... .... ૪૭૫
અહુરમજદ અને એહેરમનની દીન—તેનો પોશાક—તેને લગતો સુધારો તથા તે દીનને લગતાં ચલણ અને તેના તાબેદારોનાં ધટતાં નામ વિશે.... ૪૭૫
આદમીને જણમતી વખતે પેહલી—બીજી અને તીજી વખતની બાત કરનાર દરૂજો તથા તે દરૂજોની સાહામણે થનારી અહુરમજદની ધારણાવાળી સકતી વિશે. ૪૭૬
વસ્તુને મારેની નીશાણી તથા તેને મારેના થેડાવ વિશે.... .... ૪૭૭
આતશની અંદરના ધુમારાવાળા તથા વગર ધુમારાવાળા આતશ વિશે ૪૭૭
સ્પેનામીનો પોતાને ઓત્તમ ચાલથી ચલાવનારો છે—અને અંઘ્રમૈન્યુશ ઓટારાને લીધે દુઃખ ભોગવનારો છે. અને તે ઉપર સ્પેનામીનો વધારે કોઅત વાળો છે તે વિશે.... .... ૪૭૮

162942

સફે.

સ્પેનામીનો તથા અંધ્રમીનો એ બેહુનાં કૌવતની પીછાણ કરવા વિશે ૪૭૯

સ્પેનામીનોને લગતી પેદાએશ સઘળી તરેહનો સીનગાર પામેલીછે અને ઘનામીનોને લગતી પેદાએશ સઘળી તરેહનાં નુકસાનવાળીછે, તે વિશે.. ૪૭૯

આએ દુનિયાંનાં આદમીઓએ ઘણામીનોની ધાસ્તી—અને ઘાતકીપણાંની અંદર પોતાની ઓલાદને ચાલુ રાખવા વિશે.... .... ૪૮૦

સઘળાં આદમીઓએ ખોદાનાં તાબેદાર તરીકે પોતાને પીછાણવા વિશે ૪૮૦

આદમીઓની અંદર વધારે કૌવતદાર કોણ છે? તે વિશે ૪૮૨

આદમીની અંદરના સવાબ અને ગુનાહને લગતાં બે મુલ વિશે.... .... ૪૮૩

માણસનાં આવતી દુનિયાંના સવાબ અને ગુનાહને લગતાં મકાંન વિશે ૪૮૪

દુરગુણોથી આદમીને નહી ફાયદો થવાનું કારણ તથા એકપુરા સારા ગુણથી જુદો જુદો ફાયદો મેળવવામાં માણસને મલતી ફતેહનો સબબ ૪૮૬

દીનનો દરજ્જો ધરાવનારૂં (યાને દીનદાર) આદમી નિતીના તરીકાને લીધે નજીસ થતું નથી. પણ દેવના તરીકા ઉપર ચાલવાથી તે નજીસ બનેછે ૪૮૭

માણસને તપાસી જોઇને દીનને લગતી પદવી આપવી.... .... ૪૮૭

માણસને કાયદાની સહમજથી તથા કાયદાની વગર સહમજે મારવા વિશે દીનને લગતો ખોલાસો ૪૮૮

પાદશાહ ગુશતાસ્પને દુનિયાંમાં ભલી દીનને ફેલાવવા સારૂ શકતીવાંન થવા સારૂ તથા દીનને લગતો ઓત્તમ દરજ્જો મેલવવા સારૂ ખોદાએતાલાની તરફથી મલેલી સાત ઓત્તમ વસ્તુ ૪૮૯

દુનિયાંને ખુશી આપનાર તથા તેને હાણી પોંહચાડનાર કોણ છે? તે વિશે.... ૪૯૨

સુધારાને લગતા ગુણો તથા બીગાડાને લગતા દુરગુણો વિશે.... .... ૪૯૩

જે વસ્તુની મતલબ તેની પેદાએશની પછી જણાયછે, તથા જે વસ્તુની મતલબ તેનાં કારણ ઉપરથી જણાયછે તે વિશે.... .... ૪૯૬

આદમીને લગતી નેકી તથા હલાકી અને તેનાં મુલ તથા ફલ વિશે ૪૯૭

આદમીની ચહદતે દરજ્જેની—મધ્યમ દરજ્જેની અને ઉતરતે દરજ્જેની જાત વિશે ૪૯૮

આદમીઓની અંદરની ચહડતે—મધ્યમ અને ઉતરતે દરજ્જેની કીમતવાળી તથા વગર કીમતવાળી આબાદીને ઉજડ કરનારી જાત વિશે.. .... ૪૯૯

આએ દુનિયાંની હયાતીને લગતા ચાલુ વખતની અંદર જે ચીજનો ફેરફાર થાયછે અને જે ચીજનો ફેરફાર થતો નથી તે વિશે ૫૦૦

બુદ્ધિવાન માણસ પોતાને સુધારનારૂં છે અને બુરી બુદ્ધિવાળું માણસ પોતાને ઘટાડનારૂં છે તે વિશે ૫૦૨

ખલકના પાદશાહો કેહવી રીતના છે, તેને લગતી સહમજ.. .... ૫૦૪

સફે.

દાદાર અહુરમજદ મીનોઇ દુનિયાંનાં સુધારાને લગતાં કામ કરવા સારૂ આદમી-ઓને પેદા કરનારો છે. અને એહેરેમન બેહુ દુનિયાંમાં આદમીઓને નુકસાન કરવાનું કામ કરાવનાર વસીલા તરીકેછે ૫૦૪

દાનાઇ અને બુરી બુદ્ધિની સહમજ—તેને લગતો સીનગાર—તેનું મુલ તથા બખ્શેશ—કબુલાત—સુધારો અને વધારો તથા દાનાઇને લગતી મોહટાઇ અને બુરી બુદ્ધિને લગતાં ઉજડપણું વિશે ૫૦૭

જે આદમી દરૂન (યાને દુરગુણી શકતી) ને લગતુ હોએછે, તેની હીલચાલ તે બુરી શકિતને મલતી હોયછે તે વિશે.... .... ૫૧૦

સ્પેનામીનોની તરફથી તેને લગતી કૌવતની સહમજ બે તરેહની બુદ્ધિથી અપાયછે તે વિશે ભલી દીનને લગતો ખોલાસો.... .... ૫૧૨

સેવટને વખતે એહેરેમનની તરફની દુઃખ ઉપજાવનારી કુશેશનું સ્પેનામીનોની પેદાએશની અંદરથી નાબુદ થવું છે ૫૧૯

પેદાના કરનાર દાદારનું આદમીને લગતી શરૂઆતની એક ગણત્રીથી કરવાનું કામ તેને લગતી નવમી ગણત્રીથી સરંજામ પોંહચ્યુંછે તે વિશે ૫૨૧

માણસ ભલાઇ અને તેજવાળું કોણથી છે તે વિશે ૫૨૨

જે ભલી દીનવાળો ધરમગુરૂ છે તે સર્વેથી અશો છે, અને જે બુરી દીનવાળો ઠગારો ધરમગુરૂ છે તે સર્વેથી પાપી છે.. .... ૫૨૩

કહી તારીફલાયક વસ્તુ, અશો લોકોને નુકસાનવાળી છે? તથા કહી ધીકારવા લાએકની વસ્તુ, અશો લોકોને ફાયદાભરેલી છે, તે વિશે ૫૨૪

ખોદાએતાલાને ઘણુંજ ચાહનારૂં તથા તેને ખુશ રાખનારૂં માણસ બેહસ્તની અંદર મોહટાઇ અને ખુશી ભોગવનારૂં છે. અને ખોદાએતાલાની તરફ દુશમની રાખનારૂં તથા તેને આજોરદેહ કરનારૂં માણસ દોજખની અંદર ઘણું દુઃખ ભોગવનારૂં છે તે વિશે ૫૨૫

ધ્યાન આપવાજોગ કેહી દોલત છે? તે વિશે.. .... ૫૨૬

(૩૫૨) કેહી ચીજ હયાતીવાળી તથા હયાતીનો સંબંધ ધરાવના- ૧
રી છે? તથા તે હયાતી આપનારો તથા હયાતીનો સંબંધ આપનારો શા સબબને વાસ્તે છે? તે વીસેનો ભલી દીનને લગતો ખોલાસો.

જાણવું કે, આએ દુન્યાને લગતી હયાતી, મીનોઇ જાતની (યાને આત્મા- ૨
ની) કઉઅત અને અગમચેતી આપનારી શકતીનો સંબંધ હોવાથી છે. અને
તે (હયાતી), બેમાલમ રીતે જીંદગી બખ્શનારા દાદારની તરફથી (મળે)છે.
આએ દુન્યાને લગતી કાયા તથા બદનને, આત્મા અને કાયાની સાથે એકબી-
જાના સંબંધથી રહેવું, તેઓને સાથે રાખનારા હયાતી બખ્શનારા દાદારથી છે.

જે જાતની અંદર એબ આપનારા હરીફનું (યાને એહરેમનનું) ૩
જણાવું થાયછે, તે (હરીફ) ની સાથે દરએક કામમાં લડાઇ કરનારી
જાત વાજબીપણાંના સબબને મારેની છે. અને તે જાત આએ દુન્યાની
શકતીવાળી (યાને દીનની) આંખે જોતાંવાર એહરેમનનાં કરેલાં કામને તોડ-
નારી છે. તથા ગેબી સહમજ શકતીનાં વધારે બળથી એહરેમનને હમેશાં
તોડવાએ તેને (સ્પન્તોમઇનોઉશની) અસલ જાતની સાથે પાછું ભેલાવુંછે.
કારણકે છેલ્લા સુધારાના વખતને લગતું સઘળાઓને એબ આપ-
નારથી શુધારવાનું કામ દાદારની તાબેદારી કરનારી જાતોથી થશે.
અને આએ દુન્યાનું દરએક માણસ આએ દુન્યાનાં મુળવાળી આત્મા
શકતીથી તથા ખોદાઇ બેશારતવાળાં મુળનાં જોરથી, વારેઘડીએ
કાયદાને પસંદ કરનારૂં છે. ભલી દીનમાં જણાવેલુંછે કે, (આદમીઓને)
રવાનની પવીત્રાઇના સબબને લીધે, અસલ મુળ (સ્પન્તોમઇનીઉશ) ના
સંબંધવાળી કાયા મેલવનાર થવું છે. અને તેનાજ સંબંધથી, રવાનને
અમરગીવાળું બનવું તથા ફરીને હમેશગીની પુરતી રોશનીથી જીનત્તદાર
થવું છે.* (તે રીસ્તાખેજને વખતે) તેઓને કોઇ તરેહથી નેસ્તીવાલા

---

* રવાનને અમરગીવાળું બનવું, તથા ફરીને હમેશગીની પુરતી રોશનાથી જીન્નતદાર થવુંછે—એની મતલબ એ છે કે, આદમીનાં અન્તકરંણની અંદર સ્પેન્તોમઇનીઉશનું રેહઠાણ હોવાથી, માણસ પાપ અને અનીતીથી દુર રેહી શકેછે, અને તેથી મીનોઇજેહાંમાં તેને સુખ અને અમરગી મલેછે. અને તે સુખ તથા અમરગીથી, આવતી દુનીઆંની બીજી વારની તેની જીનદગી માન અને જેબ સાથની બનેછે.

(એહરેમન) ની તરફ થવાવાનું નથી. પણ તે નેસ્તીવાળાને (તેઓની તરફથી) અટકાવી શકવું છે. કારણકે તે એહરેમન કોઈબી વસ્તુથી બંધાઈ શકવાનો નથી, તેમજ તે હયાતી બખ્શનારા દાનાઈવાળા પેદા કરનારના સંબંધવાલી હયાતી ધરાવનાર થવાનો નથી. કેમકે તે ખોદાએતાલા પોતે હયાતીવાલો તથા બીજાઓને હયાતીવાળા કરનારો છે. જે વસ્તુઓ બને એટલો નાશ કરવાને તથા નોકસાન પોંહચાડવાને લાયકની છે, તે વસ્તુ કાયદાસરના આત્મા સાથે (યાને દીનદાર માણસની સાથે) હયાતી ભોગવવાને લાયકની તથા કાયદાસરની કેમ હોય? મીટી, પાણી અને ઘાસ વગર કાયદાવાળું છે (યાને એક બીજાના સંબંધને મલતું નથી), તે સાથે કેમ બાંધી શકાય? વગર કાયદાવાળાઓની હયાતી તેજ હયાતીવાળા એહરેમનને લગતી છે. એકબી બદનવાળી જાત, યજદાંની તરફથી આત્માના વસીલા વગરની નથી; પણ એહરેમનના ઉલટા ખ્વાસનાં કારણથી તે દરએક જાત હાણી પોંહચાડનારી (બને) છે. આત્મા તથા તેની સાથે સંબંધ ધરાવનારાઓ તેવા નથી, પણ અગત કરીને એહરેમનના સંબંધથી ઉલટા ખ્વાસના તેઓ જાહેર થાએલાછે.

૪ જે ધરમગુરૂઓ એહરેમનની વસ્તુવાળા છે, તેઓ પોતાને ખોલ્લી રીતે નેસ્તીવાળા (એહરેહમન) ની આગળ બાંધીને લઈ જનારા છે. તથા એહરેમનનાં સંકટભરેલાં એક રહેઠાણમાં જાહેર રીતે હાની પોહચાડનારી વસ્તુની સાથે (આવતી દુનીઆમાં) જીંદગી ગુજારનારા છે. હાણી પોંહચાડનારની બનેલી જાત, પેલા હયાતી આપનારા દાદારના મજહબવાળી શી રીતે હોય? જે યજદાંને લગતો છે, તે જાતેજ ઘટતી રીતનો બનેલો હોયછે. તેને લગતી વસ્તુઓ પેલા નેસ્તીવાળા (એહરેમન) ના તરીકાવાળી નથી. અને તે પેલા એહરેમનની વસ્તુનું કામ કરવાથી વેગળો છે. વળી તે શખ્સ કે જે નાલાએક બનેલોછે, તે ગોયા આપોઆપ પેલા એહરેમનની વસ્તુઓ કરવા સારૂજ બનેલોછે. નાલાએક બનેલો શખ્સ, નેસ્તીનાં કામથી સખાવતની વસ્તુઓ વગરનો છે. નાલાએક બનેલો શખ્સ, નેસ્તીને લગતી વસ્તુઓથી પેલા નેસ્તીવાળા (એહરેહમન) ની માફકનો, દરએક વસ્તુમાં (તેની) એકસરખી જગોવાળો અને દરએક વખ્તમાં એકસરખી રીતે (એહરેમનનો) વસીલો બનેલોછે. વળી જે નેસ્તીવાળો (એહરેમન) છે, તેની માફક જે નાલાએક છે, તે દરએક કામ નીચ કઉઅતે કરનારો છે.

નાલાએક બનેલો શખ્સ, દરએક ચઢતે દરજ્જેની દાનાઇથી બનાવેલી વસ્તુ તથા બનાવટને અને બનાવનારને ખરાબ બનાવટવાળી વસ્તુઓ તથા ખરાબ બનાવનાર તરીકે કહેનારોછે. જે દોજખના ગારના રહેવાસીઓ છે, તેઓ નેસ્તીવાળાની બનાવટને દાનાઇવાળી કહેનારા છે. હાલમાં હયાતીવાળા (દાદાર) ની દોલતનો સંબંધ, નેસ્તીવાળા એહરેમન સાથે લગાડવો એ થોડું અચરત થવા જોગ નથી. જે બુરા લોકો જેમ ઉલટા થાઇને કહેછે કે, વાંધાભરેલા નેસ્તીવાળા (એહરેમન) ના કલાંમો એ હયાતી આપનારા (દાદાર) ની તરફથી કહેવાએલાછે. તેમજ તેઓ દાદારની તરફથી હયાતી પામેલા આત્મા વીશેબી કહેછે કે, તે પોતાની મેળે હયાતી પામેલોછે. તેમજ દાદારની જાતની દુશમનઇથી તેઓ દાદારને નાશ કરવાને માટેનો પણ કહેછે.

(૩૫૩) આત્માને પેદા કરનારાં મુળ—તેના ભલા ખવાસને મદદ કરનાર—તેને આ દુન્યાંનાં બીઆંમાં રસ્તો કરી આપનાર—અને બદનનાં બીઆંની અંદર તેના મુળને પાલનાર તથા તેનો સંભાળ કરનાર અને (આત્માને) વેંહચવાનો હોકમ કરનાર તથા તેનાં કામથી ખેશી ધરાવનાર અહુરમજદની તરફનો પાછો બદલો મેળવનાર તથા (આત્મા) પોતાને પાછો (અસલ મુળની સાથે) મેળવનાર છે. તે વીશે ભલી દીનનો ખોલાસો. 1

જાણવું કે, આત્માની જાતને જનમ આપનાર દાદાર અહુરમજદ
છે. દાદારની તરફથી, તે આત્માને ગરોથમાનની અતીઅન્ત રોશનીની 2
અંદરથી (આએ દુન્યામાં) મોકળેલોછે. મીનોને લગતો આતશ, પાણી 3
અને મીટી (યાને બદનની અંદરની આએ ગેબી વસ્તુ) તે ગેબી આત્માના ભલા ખવાસને મદદ કરનાર છે. તથા આએ દુન્યાને લગતો આતશ,
પાણી અને મીટી આએ દુન્યાની કાયાને મદદ આપનાર છે. આએ 4
દુન્યાને લગતાં તોખમની અંદર દાદારના કાયદાવાળાં ફરમાનથી
આત્માને માર્ગ કરી આપનાર મીનો ઇજદો છે. બદનનાં બીઆંની 5

અંદર તેના મુળનું (યાને આત્માનું) પોહચવું, ખોદાઇ બખ્શેશનાં
ફરમાનથી છે. તે આત્મા તેને લગતા વખતનું કામ, તેનાં અસલી
મુળની સાથે ઘટતી રીતે બદનને (આએ દુન્યામાં) ચલાવવાથી કરનારો
૬ છે. આત્માની પરવરશી કરનાર તથા તેને નીભાવી રાખનાર, તેની
જાતના ઉપરી બદનની અંદરના અકલના આગેવાનો છે. (એટલે જે
આત્માને સહમજ શકતી આપનાર ઉપરી યજદો છે.) સખાવત
અને સચ્ચાઇ, નીમકહલાલી, સંતોષ, અને ઉદયોગને માટેની કોશેશ,
એ આત્માને બેહુ જેહાંનમાં છુટાપણું તથા છુટકારો આપનાર, અને
તેને બેહુ દુન્યાની બુજોરગી આપનાર તથા દરજજાવાળો બનાવનાર છે.
આત્માને કેટલીએક નુરી વસ્તુઓની મારફતે પોતાને લગતો સંબંધ
૭ રાખવો છે. આત્માને (તેણે) કીધેલાં કામોનો પાછો બદલો મેળવવો તથા
ચહડતે દરજ્જેનું બનવું, તેને સીનગાર આપનારાં યજદી મુળથી છે.
સારો ખવાસ ધરાવનારો (આત્મા), તેના ખેશાવંદને (યાને પેદાના
કરનાર અહુરમજદને) પાછો મળનારો છે. જે બુનીઆદો અને બદનો
ફ્રશકેરેતિના વખતમાં નામદારીને માટેનો બદલો મેળવનારાં છે, તેઓ
ફ્રશકેરેતિ (યાને છેલ્લા સુધારાને લગતું) કીરતીવાન કામ કરનારા છે. જેવો
તે ફ્રશકેરેતિનું કામ કરવામાં સરદાર તરીકે છે, તેઓ તનપસીનને વખતે
સઘળી તનોમંદ દુન્યામાં સઘળી સહમજ ધરાવનારા સર્વે શકતીવાન
દાદાર અહુરમજદની તરફથી સારા ભાયગસાળી થાશે.

૧ **(૩૫૯) વાચાથી આત્માને ફાયદો કરવો છે, અને આત્માને લગતું નુકસાન (વાચા)થી દાબી નાખવું છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, (પાક દાદારે) આદમીને જબાન એક હથીઆર તરીકે
બખ્શેલી છે. તેને લગતી વાચાથી, આદમીઓ પોતાને માટેનો મોહરો
ફાયદો મેળવનારાં છે. અને તે જબાનને ઉલટી બુદ્ધી, લોભ, ગોસ્સો,
અને બીજા દુરગુણો જે બદનની અંદર હંમેશા (આત્માને સારૂ)
રાહ મારવાની કોશેશ કરનારા છે, તેઓને તેની ઇચ્છાથી અટકાવવા આએ
(દુન્યાને) અતીઅંન્ત ફાયદો કરનાર છે. તે આત્માને માટેનાં હથીયારને,

બુરી મતલબથી અટકાવવાએ, એટલે જે આદમીઓ તે જબાનના હથીઆરને બુરી મતલબનું બોલવાથી અટકાવેછે, તો ફાએદાને માટેનું બોલવાથી આદમી તેને લગતાં નોકશાનને દુર કરનારૂં છે, અને તે પોતાનાં વચનથી દુન્યાને સારી રીતે ચલાવનાર છે.

(પાક દાદારે) દરૂજો (યાને દુરગુણો) ની બુરી ઇચ્છાથી, જબાનને સાચવવા સારૂ, આદમીનાં બદનની અંદર ભલા વીચારવાળી શકતીની અકલ, નમનતાઇ, ફરમાનબરદારી, અને વળી બીજા મીનોઇ સારા ગુણો તેની જાતને લગતાં કામને સારૂ બખ્શેલાછે. વળી આદમી તેના આત્માવાળાં બદનની ઉપર હકુમત કરવા સારૂ હાકેમ તરીકે છે. તેથી ભલી મીનોઇ શકતીઓ (યાને ઇજદો), એક દોસ્ત તરીકે તેને ચાહેછે. જે સબબને લીધે આદમી પોતાની વાચાને બુરી ઇચ્છાનું બોલવાથી અટકાવેછે. અને જે શખ્શુનો પોતાનાં દીલમાં રાખેછે, તેની ઉપર પુરતો વીચાર કરેછે તથા ધ્યાન પોંહચાડેછે. અને અકલથી તથા બીજા ભલા મીનોઓના હોકમથી, જબાનને બુરી ઇચ્છાનું બોલવાથી અટકાવેછે. જો આદમી ઉલટા વીચાર અને બીજા ઉમેદવાર બનાવનારા બુરા મીનોઓથી (યાને બુરી સકતીઓથી) પોતાની જબાનને બોલવાથી પાછી ખેંચેછે, તો તેના આત્માને તે પોતાની જબાનથી ફાએદો કરનારૂં અને આત્માથી તેને લગતાં નોકશાનને દાબી નાખનારૂં થાએછે. પણ જો તે સંપુરણ વીચાર કરીને નથી બોલતું તો તેથી તે હંમેશાં ધાસ્તીવાળું—બોલવાથી ચહડતે દરજ્જેના ફાએદાને દુર કરનારૂં, અને પોતાને લગતા ધીક્કારથી આત્માને તે વીશેનું ઘણું નોકશાન કરનારૂં બને છે. ૩

(૩૫૦) હયાતીનું મુળ અને આએ દુન્યાંની કાયા વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, દાદારે તેની બેહદ રોશનીમાંથી જે શકતીને પેદા કરેલીછે, તેને લગતી દીનનો વીચાર કરવાને માટેની પેદાયશનું નામ અવસ્તાની અંદર બે જાતવાળા અથોરનાન (યાને પેગમબર અશો જરતોશત) નાં નામથી જણાવેલીછે. વીચાર કરીને જોતાં તેની એક ૨

મીનોઇ જાત (યાને અણદીઠ રૂહ) છે. અને બીજી આએ દુન્યાંને લગતી કાયા (યાને ખાકી બદન) છે. તેની ગેબી જાતની અંદર (યાને આત્મારૂપમાં) ગેબી સમજ આપનારી દીનની વીચાર શકતી મેળેલીછે.
૩ આએ દુન્યાંની કાયાની અંદર દીનનો વીચાર આપવાવાળી ગેબી આત્માની શકતીનું ઘણું રેહઠાણ હોવાથી, મીનોઇ જાતવાળી શકતીએ (યાને હયાતીએ) તેને પુરતા વીચારવાળી બનાવેલીછે. આત્માને તેને લગતી કાયાને માટેનું કામ કરવા સારૂં પુરતી રીતનો વીચાર કરવાની શકતીનું વધારે મલવું, તેની અંદરની લાયક શકતીઓથી છે. અને તે (દીનની સહમજ) ને માણસોનાં દરએક સારા ઉદીઓગને સારૂ તે આદમીની અંદર પોંહચાડ-
૪ નારા ગેબી સહમજ ધરાવનારા મીનો યજદો છે. આએ દુન્યાની જાત (યાને બદન) ની અંદર દીનની કઉઅત અહુરમજદની ઇચ્છા તથા દાનાઇને માટેનાં નેક કામ કરવાની શકતીનું દેખાવું, ગેબી સહમજશકતી આપનારી કઉઅતની મારફતે છે. આત્માનો સંબંધ આએ દુન્યાની કાયા સાથે હોવાથી ઇનસાન ઘણીજ ગરમ ઉલટવાળું (યાને ભલા ઉદીયોગને સારૂ ઘણું આતુર) છે. પેહલ્લી પેદાએશ (યાને આત્મા) ને લગતી સહમજ આપનાર તરીકે દીન છે, તેનું નામ "અવેસ્તાક" કરીને છે. દુન્યાના લોકો તેને તરણ ભાગવાળા મજહબને નામે બોલેછે. કારણકે જે દીનના (દફતરોના) તરણ ભાગ દરએક ત્રતીઆંઉશ ભાગવાળા નામમાં વેહચાએલાંછે. (એટલેજે ગાથા, દાદે અને માથ્રે એવા ત્રણ અવસ્તાના વીભાગ છે.) જે દીનનાં દફતરોનાં તરણ ભાગ કરેલાછે, તે અવસ્તાનાં નામવાળા વીભાગો ખલકને સારાં કાંમ કરવાની સહમજ આપનારા સબબ તરીકે છે. જેમકે (હાલમાં) આદમીઓ તેને નવી દીનને લગતી સહમજને નામેબી બોલેછે. તે (અવસ્તા) ની અંદર હૈયાતીને લગતું કામ કરવાની ગેબી સમજ આપેલીછે. તે દીનની અંદર આપેલી સારાં કાંમ કરવાની સહમજના ઉલટથી લોકોને નવા ધરમને લગતા ભરમને સહમજવોછે. અને તેથી લોકોને ગણેઆંનનું
૫ મેળવવુંછે. તેનો આદમીઓએ ભાષણની મારફતે લોકોમાં ફેલાવો કરવો. તેમજ તેનું પઢાણ કરવું. (આદમીનાં) બદનની અંદર હૈયાતીનો સબબ, તેને દીનના એરાદાવાળું કરવા સારૂ છે. જે કોઇ લોકોને ભલાઇ-વાળાં કરવાની સમજ ભાષણની મારફતે ફેલાવવાનું નામ ધરાવનારો છે, તે

ગેબી સમજશકતીથી છે. તેની જાત સાથે, જે મીનો સર્વેથી અગતનો સંબંધ ધરાવનાર છે તેનું નામ અવસ્તામાં "રસ" યાને "ખોરહે" કરીને છે. અને તે પેદાએશને દુખના વખતપર મદદ કરનાર કેહવાએ છે. વળી જે (ધરમગુરૂ) ભાષણની મારફતે આદમીઓનું દુખ ટાલનાર છે, તે દુખભંજન તરીકે ગણાયછે. તેના સંબંધવાળી ઓલાદથી દુન્યામાં જનમેલાઓ સુરીય, ચંદ્ર, અને સેતારાઓની માફક રોશનીવાળા છે. તથા સઘળી આલમને પોતાની તાબેદારીમાં રાખનારા છે. અને ફાવી નીકળનારાઓમાં તેઓ જાતેજ ઘણા ફાવી નીકળનારા છે. વળી તેઓ ગેબી અગમચેતી આપનારી ઉલટમંદ હૈયાતીવાળાં ખોદાઇ નુરની બરકતથી, ગેબી અગમચેતી આપનારી શકતીનાં સંબંધને લીધે દરૂજનાં પોતાની સાથનાં જોડાનને પવનની માફક
હાંકી કાઢનારા છે. આ દુન્યામાં જનમ લેનારી ઓલાદનાં જે લોકો ૬
અક્રોમનની બુનીઆદથી (યાને બુરી બુદ્ધી આપનારી ગેબી શકતીવાળાં મુળથી) પોતાની હૈયાતીને ચલાવનારા છે, તેઓ બદકારીની હૈયાતીને સારૂં જનમ લેનાર તરીકે ગણાએછે. જેમ આએ દુન્યાનાં ગોસ્પંદો અને આદમીની અંદર તેને લગતી બદકાર જાતવાળી વગર જોવાની જીંદગીથી હીલચાલ કરનારા તથા હૈયાતી ભોગવનારાં પ્રાણીઓ છે તેમ.

(૪૫૫) આત્માની જીંદગી તથા મરણ વીશે, તથા તેને વગર તેજનો બનવાની નીશાણી વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, આત્માની જીંદગી, અકલ અને અગમબુદ્ધીથી છે. અને ૨
તેનું મરણ, ઉલટા વીચાર અને હટ યાને મમતથી છે. આત્માને તેજવન્તું ૩
થવું, અકલમંદ અને અગમબુદ્ધીનો વધારો કરનારા પુરૂષોની દોસ્તી,
વેહેવાર અને તેની સાથની પરપુછ કરવાથી છે. આત્માનાં તેજનું ઘટવું, ૪
બુરી બુદ્ધીવાળા (દુન્યાનો) ઘટાડો કરનારા અને યજદાની દીનનું નહી
સાંભલનારા બુરા હાકેમની દોસ્તી, વેહવાર અને તેની સાથની વાતચી-
તથી છે. તથા તેને ભલા વીચારનું કામ કરવાની આદત પડવી, પવીત્ર ૫

ફરમાનવાળી ઉત્તમ (દીનની) અક્કલથી છે. અને તેને બુરા વીચારનું કામ કરવાની આદતવાળી કઉઅતનું મલવું, તદન ઉલટા વીચારના બુરા ફરેબવાળા ગુસ્સાથી છે.

૧ (૩૫૪) રોશની અને અંધારૂ, તથા તેને લગતા ફાયદા અને નુકશાન વીષે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, રોશનીને લગતો, (યાને યજદી ખોરેહનો), ફાયદો આત્માને લગતો છે. અને તે અમર્ગીને લગતું ઇમાન, ખુશી, પ્રકાશ, મોહબત, દરીઆફત અને પવીત્ર સવાબનાં કામને બેહદ રીતે જાહેર કરનાર છે. જેમ દાનાઇ અને સચ્ચાઇથી, અમર્ગીને લગતો ફાયદો છે. તેમજ ખોરશેદ તથા ચંદ્ર અને શેતારાઓથી, પાણી—ઝાડપાન, ગોશપંદ, આદમી, વરસાદ અને બીજી ભલી પેદાએશને અહેરેમનના નુકશાનથી ફાયદો થાએછે. તેઓની અંદર ફાયદો હોવાને લીધે, તેની ખુબી આપનારી તાબેશ, દુઃખનું નીવારણ કરનારી વસ્તુને નામે બોલાયછે. (જેમકે) પાપીના વાંધાનો ખોલાસો કરનાર (યાને અપવીતરાઇને દુર કરનાર) ખોરશેદનો પ્રકાશ છે. તથા વરસાદનાં બંધાનનો નીવેરો લાવનાર (યાને અટકેલા વરસાદને વરસાવનાર) ખોરશેદનો પ્રતવ છે. અંધારાથી, અમર્ગીને લગતા
૩ આત્માને ધાસ્તી અને ભય તથા અંધાપાની બીક અને વગર કામે અસ્ત પામવાનું તથા અણદીઠપણાથી અને નહી જણાવાનું નુકશાન છે. અજાણપણાથી તથા ખોટારાંથી અને ખોરશેદની ચાલના અટકવાથી તથા ગરમીના જતા રેહવાથી અને બીજી બદીઓથી (લોકોને) અતીઅંત નુકશાન થાયછે. અને તે નુકશાનની ફરીઆદનો ફાયદો તેની અંદર યઝદોને ભેલાઇને કામ કરવાએ થાયછે.

(૩૫૮) અહુરમજદની ચહડતે દરજજેની કઊઅતથી, દીનદાર ૧
લોકો વખતને લગતી ઘાટને તોડેછે. તે વીશે
ભલી દીનને લગતો ખોલાસો.

જાણવું કે, અહુરમજદે દુન્યાંના લોકોને મઝદીઅશની દીન ૨
ફ્રશોકેરેતિના વખ્ત સૂધી એહરેમનને ટાલવા તથા ઘટાડવા સારૂં
બક્ષેલીછે. તે (દીન) થી, એહરેમન હમેશાં પોતાની ખીલતી હાલતમાં તુટટો
રહેછે. અને નેક પેદાએશ, ફ્રશોકેરેતિના વખતવેર હંમેશાં તે (દીન) થી,
એહરેમનને વગર જોતાંવાર તોડતી જશે. અને એહરેમનના જે ઇરાદાઓ
છે, તે દરએક ઇરાદાની ઉપર ભલી દીનવાળા લોકો એવી રીતે ફાવશે, કે
તે એહરેમનને તે વખ્તમાં ભલી દીન તથા તેને લગતા દીનદાર લોકોથી
(પોતાનો) સુકાશ થવાની તથા ઘટાડો થવાની ધાસ્તી રહેશે. એહરેમનને દાબી
નાખવા અને બાહેર કાઢવામાં દાદાર હોરમજદની ચઢતી કૌવત ગણાશે,
તથા તેને તેથી દુન્યાને પાછી સુધારવાની અને મઝદીઅશની દીનને
ચઢતે દરજજેની બનાવવાની, હીમત તથા ફતેહ મલશે. આએ વખ્તો
વીષે ભલી દીનની અંદર કહેલુંછે, તેમજ મઝદીઅશની દીનની નેક પેદા-
એશ કયા વખ્તમાં સપેન્તોમઇનીઉશ અને અંઘ્રમઇનીઉશનાં કામની
સાથે જોડાએલી રહેશે, તથા (કયા વખત ઉપર) ચઢતે દરજજેની બનશે,
અને કહી વેલા ઘણી ઉતરતે દરજજેની રહેશે, તે વીષેની વીગત દીનને
લગતાં બીજા પ્રકરણમાં જણાવેલીછે.

(૩૫૯) આત્મા અને બદનના અવ્યવો વીશે, ભલી ૧
દીનને લગતો ખોલાસો.

જાણવું કે, (માંણસની) હૈયાતીનું ઉતપણ થવું, પેહેલ્લી ૨
મીનાઇ દુન્યામાંથી છે. અને આતમાની સાથે સઘળી કાયાનું
એક બીજા સાથનું બંધારણ, તેનીથી (યાને હૈયાતીથી) છે. અને
આએ દુન્યાની કાયાનું આત્માની સાથે જોડાવું, બદનના અવ્યઓથી
છે. અવ્યઓ, દેહથી કાએદાસર રહેનારા છે. અને કાએદાસરની કાયા,

૩ એ તેની (યાને આતમાની) જાત તરીકે છે. વળી તેની આએ (એટલે
જે નીચી લખેલી) બે વીગત છે. પેહેલું રૂપને લગતું કામ કરવું, અને
બીજું ઇચ્છાને લગતું કામ કરવું. આત્મા અને કાયા એ બેઉના
સંબંધથી રૂપને લગતાં કામનું બનવું છે. જેમ કે મીટીમાંથી ધાતુનું
(બનવું છે). જાડપાંનનું બનવું જમીન અને પાણીમાંથી છે અને ઝાડનાં
મુળથી ઝાડનાં ફળોનું બનવું છે. તથા ગોસ્પંદોને દુધ તથા દરએક જીંદ-
ગીને લગતી સારી દેખાવવાળી ચીજો જેવી કે ચરબી—લોહી—ચામડી
અને બાળનું બનવું—ઝાડપાનોના ખોરાકથી અને પાણીને પીવાથી
૪ છે. એજ પ્રમાણે બીજી વસ્તુઓ (નું બનવું)—ઇચ્છાની મરજીથી છે. જેમ કે
લાકડાંથી આકાર બનાવનાર (સુથાર) રણસીંગડું અથવા ભેંપુરી અને બીજી
બનાવટ બનાવનાર છે. તથા કુંભારની મરજીથી માટીનાં વાસણનું
બનવુંછે. શુનાંના વારા તથા પોલ્લાં અને નખ લેવાની છરી તથા
૫ એરીન અને વીટીઓ સોનીની બનાવટની ઇચ્છાથી બનેછે. એજ
પ્રમાણે બીજી વસ્તુઓ રૂપ અને ઇચ્છા એ બેઉના સંબંધથી છે. જેમ કે
આદમી (તેને લગતા) ચેહેરાથી છે. અને જમીનથી ઘઉં (અને અનાજ) ને
૬ લગતી વસ્તુઓ છે. ચેહેરા અથવા રૂપથી તથા અવયવો (યાને બદનના ભાગો)-
થી તેના બનાવનારની લાએક ઇચ્છાનું જણાવું છે. શેરડીનું ઉગવું જમી-
નમાંથી છે. અને તેને મીથાશને સારૂં પસંદ કરવીછે. વસ્તુની ઉતપનતી
જમીનમાંથી છે. જેમકે હાલના લોકોને ઘી (ખાવાને) લગતી ઇચ્છા, ઘી
અને શાકર એ બેઉની ઘટતી મેળવણીથી છે. જમીનને લગતી ચીજોના
દેખાવે (માણસની) ઇચ્છા સફાઇદાર યાને તાજગીવાળી થાયછે.
૭ દીનની અંદર જણાવેલુંછે કે, જે માણસ ગેબી ખોરેહવાળું હોએછે, તે
તેના ઉપરી ખોરહેમંદ ઇજદોના સબબને લીધે છે. તેજ પ્રમાણે જાદુગર
હાકેમની જાતને, અંધકાર બુરી કીર્તીની અંદર ફરવું દેવોથી છે. આએ
અને પેલી દુન્યાને લગતી સઘળી તરેહની સમજનું મળવું આએ (ઉપર
જણાવેલાં) મુળથી છે. જેમ કે આગળા દાનાવોનો કોલ છે કે, આત્મા
અને તેના અવયવોની અંદર તેને લગતી સઘળી સમજ રેહછે.

(૩૪૦) ખોદાપરસ્તીના ચહડતા દરજ્જા વીશે, ભલી ૧
દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, આએ દુન્યાનાં આદમીઓની અંદર યજદોનું પ્રકાશવું, ૨
ભલાઇને લીધે છે. અને બુરાઇને લીધે (તે યજદોના પ્રકાશનું) કજલાવું
છે. (દુન્યામાં) ફાયદાના વધારાને સારૂં, ભલા લોકો છે. અને દુન્યાની ૩
નેકીને ખરાબ કરવા સારૂં, બુરા લોકો છે; જેથી ચહડતો દરજ્જો (લોકો-
થી) મેલવાતો નથી. જે ખોદાને માનનારો છે, તેનો સર્વેથી સરસ ચહડતો ૪
દરજ્જો બે તરેહથી છે. તેમાં એક તેના રવાનની સાથે સરૂઆતથી
હોરમજદનો સંબંધ હોએછે, તેથી તે આદમીની બુધ્ધી અને ફરોહર
સઘલાં લોકોના ફાએદાનું કામ કરનારૂં થાયછે. બીજું—તેને વીશે
દીનમાં જણાવેલું છે કે, તે આદમી તનપસીનના વખતમાં (પેદાએશને માટે)
એહરેમન ઉપરની સેવટની પુરતી ફતેહ મેળવવાનું કામ કરનારૂં છે.
તથા એહરેમનને (આએ દુન્યાંમાંથી) હમેશનો હાંકી કાહડવાએ તથા
વગર તેજનો કરવાએ, સઘળી બદનવાળી હૈયાતીઓને પાછું સુધરવું
તથા દોજખથી છુટવું છે. અને ખલકના લોકોને ફાએદેમંદ જીંદગી
ગુજારવીછે. અને છેલ્લા સુધારાના વખત ઉપર તમામ આદમીઓ
બેદાદીથી છુટકારો પામેલાં અને દાદાર હોરમજદની હજુરમાં એક શેહેરી
તરીકે રેહનારાં થાશે.

(૩૪૧) યઝદાંની કઊઅતને લગતા પેદાએશના વીચાર વીશે, ૧
ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, પેદાએશનાં દરએક કામને લગતો વીચાર, તેને લગતી ૨
હીલચાલને માટેનો છે. સઘળી પેદાએશ, તેને લગતી બનાવટ તથા વગર
બનાવટનાં એકસરખાં કામની અંદર એકબીજાથી જુદી છે. અને તેને
લગતી હીલચાલ કરનારી છે. માણસને લગતી ધારણા, ઘણી ચહડતે ૩
દરજ્જેની હૈયાતીને લગતી વસ્તુઓને સારૂં, યાને આત્માને સારૂં છે.

દરએક હૈયાતીવાળું આદમી સવાબ યા ગુનાહની ઇચ્છા રાખેછે. કોઇ મીનોને લગતું, કે આ દુન્યાને લગતું પ્રાણી, તેવી ઇચ્છા વગરનું નથી. કોઇ શખ્સ તેને લગતી તે ઇચ્છા સીવાયનું વીચારવા તથા કરવાને
૪ શકતીવાન નથી. આદમીને ચઢતે દરજ્જેનું બનવું, ઇઝદી શકતીના; ઉપરીપણાંના વીચારથી છે; કારણકે તેથી, જે એકને માટેનાં કામનો (યાને પાપનો) વીચાર છે, તેને તે છોડી દીએછે. જે કોઇ હમેશા મીનો અને ગેતીને લગતી શકતીની મારફતે, પોતાની હૈયાતીના સંબંધવાળાં કામને માટેનો વીચાર રાખનાર છે, તે ખચીત બીજાને લગતી (યાને અંધ્રમઇનીઉશની) કઉઅત વગરનો છે. (એટલેજે એહરેમનની
૫ કઉઅત તેમાં રહેતી નથી.) (આદમી) એહરેમનની એક જાતના સંબંધથી હીલચાલ કરવાએ, (એહરેમન) તેને પોતાને લગતા ગ્રેહોની જાતની માફકનું બનાવી શકેછે. અને દરએક આદમી હમેશા પોતાનાં કામને લગતા ઉધોગની અંદર તે (એહરેમન) ના વસીલા તરીકે હોયછે, તો તેની પેદાએશ તરીકે તે પેલા (એહરેમન) થી ઉસકેરાયલું રીએછે. જેમ ખોરશેદ, ચંદ્ર અને સેતારાઓની અંદર આસમાની સેતારાઓનો એક માર્ગ ગણાયછે, તેમ. એટલેજે જેમ આસમાની દોરની અંદર કેટલાએક ગ્રહો હોરમજદી માર્ગે ચાલનારા છે અને કેટલાએક એહરેમની માર્ગે ચાલનારા છે, તે પ્રમાણેનું તે એહરેનમની રાહ ઉપર ચાલ-
૬ નારૂં માણસ છે. જેમકે આતશ અને પાણી પવનથી જોસવંતા થાયછે, તે જોસ, જોકે પ્રથમ તેઓના પોતાનાં કામના ઉધોગની મદદને સારૂં આપવામાં આવેલો હતો. તે વેળા તેઓ રાહ મારનાર થાય તેને સારૂં તે જોશ નહી હતો; પણ તેઓ પોતાના કામની હીલચાલ કરવાની ઇચ્છાથી, રાહમારૂ (યાને ખોદાઇ તરીકાથી ઉલટા) થયાછે. અને તેઓ ઉલટાં કામની તરફ
૭ ફરેઆછે. જે આદમીઓની ઇચ્છાની અંદરની હીલચાલ, તેના ઉધોગમાં તે દુરઅંદેશીવાળા અને સર્વેથી ચઢતે દરજ્જેના પાક ઇજદોની સરદારીને માટેનાં કામને લગતી હોયછે, તેઓ હમેશાં, તે ઇજદોના સંબંધવાળી પેદાએશ તરીકે ચઢતે દરજ્જેનાં કામ કરનારાં થાએછે.

(૩૭૨) કામ કરનારાઓની અંદર, મઝદીઅશની દીનવાળા ત્રણ ૧
જણ, જે હોરમજદના વીચારની અંદર પુરતા છે, તેઓ
વીશ્વાસ રાખવા જોગછે· તે વીશે ભલી
દીનને લગતો ખોલાસો·

જાંણવું કે, કામ કરનારાઓની અંદર, મઝદીઅશની દીનવાળા ત્રણ ૨
જણ, જે અહુરમજદના વીચારની અંદર પુરતા (યાને સંપુરંણ) છે, તેઓ
વીશ્વાસ રાખવાજોગ છે. જેઓની વીગત આ પ્રમાણેની છે. એક સાચવટથી ૩
અહુરમજદને લગતો ઇનસાફ કરનારો અને ખોલ્લી રીતની શાક્ષીથી કોઇનેબી
ખોટારાથી મુતલગ નહી નુકસાન કરનારો (નીઆધીસ). બીજો અહુરમજદને ૪
લગતી ખાલેશ અગમ બુધ્ધીથી, દરએક આદમીને તેના સંપુરણ વીચારથી
ઘટતી સમજ આપનારો (ધરમગુરૂ). અને ત્રીજો ઇનસાફને લગતી ખોરેહવાળો ૫
(યાને કુદરતી સકતી પાંમેલો) પાદશાહછે. અને તે અહુરમજદની તરફનાં
પુરતાં ખોરેહની બેસારતથી, (દુન્યાની અંદર) પ્રકાશી નીકળનારો છે.

(૩૭૩) અહુરમજદ અને એહરેમનની દીન—તેનો પોશાક તથા ૧
તેઓને લગતો સુધારો—અને (તેઓની)દીનનાં ચલણ વીષે—
તથા તેઓના તાબેદારોનાં ઘટતાં નામ વીષે, ભલી
દીનને લગતો ખોલાસો·

જાંણવું કે, અહુરમજદની દીન, એ અહુરમજદની દાનાઇ છે. તેનો ૨
પોશાક (યાને બદન) એ ભલાઇ છે. તેને ઝેબ આપનાર, સચ્ચાઇ છે. અને
તેના લાએક તાબેદાર, યજદાંપ્રસ્તો છે. અને તેની મતલબ, અહુરમજદને
માનવાનીછે. અને જે કોઇ તેના તાબેદાર લોકો છે, તેઓનું નાંમ યજદાંપ્રસ્તો
છે. અને તે દીનને દુન્યામાં ચાલુ રાખનારા, ડાહપણવાળા લોકો—
દાનેશમંદ પાહદશાહ—તથા પવીત્ર જરથોશતી વડો ધરમગુરૂ છે. એહરે- ૩
મનની દીન, એ એહરેમનની બુરી બુધ્ધી છે. તેનો પેહરવાશ (યાને જાત)
નેકીને હાણી પોહચાડવાની કેળવણી છે—તેને ઝેબ આપનાર, ખોટારૂં
અને ઠગાઇ છે. અને તેને લગતા લોકો, દેવની પરશતેશ કરનારા છે.

તેની મતલબ, દેવને માંનવાની છે—અને તેના તાબેદાર લોકો. દેવને માનનારા છે. વળી તેની મતલબ, દેવપ્રસ્તીની છે. દુન્યામાં તે (દીન) ને ચલાવનારા, કવી લોકમાં ભલી દીનને લગતું નહી સાંભલનારો બુરો રાજા તથા ઠગારો ધરમગુરૂ છે.

૧ (૩૭૯) આદમીને જણમતી વખતે પેહલી—બીજી અને ત્રીજી ઘાટ કરનારા દરૂજો વીષે તથા તે દરૂજોની સામણે થનારી અહુરમજદની ધારણા વીષે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, આદમીઓને જનમતી વખતે પેહેલી ઘાટ કરનારો, અકોમન (યાને બુરા વીચારની શકતીવાળો) દરૂજ છે. તે (માણસને) જનમવાનું કામ સરણજાંમ પોંહચાડવાની આગમચ, દુઃખની હલાકી પોંહચાડનારો અને તનપસીનને લગતી ઇજા તેને દેખાડનારો છે. અને
૩ તેની ઇધાણી જનમતી વખતે એક બચ્ચાંના રડવાના વખતની છે. આ એ દરૂજની સામણે થનાર બેહમન (યાને ભલા વીચારવાળી શકતી), નેકીથી તેને તનપસીનને લગતી હંમેશની સેવટવાળી જીંદગી દેખાડનારો છે.
૪ જેની ઇધાણી એક બચ્ચાંને ખુશીનો વખત ગુજારવાની છે. બીજી ઘાટ કરનારો "આઝ" (યાને લોભનો) દરૂજ છે. તે બચ્ચાંનાં બદનને ભુખ અને તરસથી દુબલું કરનારી શકતીવાળો છે. તેથી તે બચ્ચું પેદા કરનાર દાદારની તરફથી ઘટતી રીતનો છુટકારો મેળવનારૂં તથા તે (દરૂજ) ની ઉપર ફતેહ મેળવનારૂં, ભુખ અને તરસ મટાડનારા દુધના લેઝતદાર ખોરાકની મદદ મેળવવાથી છે. અને તે બદનને તરૂપ્ત કરનારો ખોરાક 'આજ' (યાને
૫ ભુખના) દરૂજને મારનારો છે. ત્રીજી ઘાટ કરનારો દરૂજ, અપ્રમાણીક ઉંઘથી બદનને હાણી પોહચાડનારો, તથા (માંણસને) સુસ્તી કરનારો દરૂજ છે. તેનાં નુકશાનને અટકાવવું, બદનને સુખ આપનારી પ્રમાણીક ઉંઘથી છે.

(૪૭૪) વસ્તુને માટેની નીશાની તથા તેને માટેના થેડાવ વીષે, ૧
ભલી દીનને લગતો ખોલાસો.

જાણવું કે, આસમાંન ઉપરની વસ્તુને લગતી ચેઆર તરેહની નીશાની ૨
છે. એક વસ્તુ પોતે, નીશાન વગરની હોય. બીજું એક વસ્તુ પોતે (આસ્માન) ૩–૪
ઉપર (નીશાનવાળી) હોય. તરીજું એક વસ્તુ પોતે આસમાન ઉપર ૫
(નીશાનીવાળી) નહી હોય. ચોથું એક વસ્તુ પોતે મુતલક નહી હોય. ૬
તેમજ આસમાન ઉપર તેની નીશાન પણ નહી હોય. જે વસ્તુ પોતે ૭
નીશાન વગરની છે, તે કેહીછે કે, ચોમાસાંની રૂતુ જેનો દેખાવ સાએબા-
ન (યાને વાદળ) વાળો હોવો જોઇએ, તે વરસાદની નીશાની જે પવન અને
વાદલાંઓને લગતી છે, તેની હીલચાલ વગરની હોય, તો તેથી સહમજવું કે
વરસાદનું આવવું જતું રહેલુંછે. એક વસ્તુ પોતે આસમાન ઉપર ૮
નીશાનીવાલી હોય. જેમ કે ગરમીની રૂતુ સાએબાન (યાને વાદળ) વાલી
હોય. અને તે વખતે (આસમાન) ઉપર પવન વગર હીલચાલનો અને વાદલાં
સ્થીર (યાને થંભ) હોએ, તો તેથી સહમજવું કે વરસાદની નીશાન છે.
જે વસ્તું (આસમાન) ઉપર નીશાનવાળી નહી હોએ, જેમ કે ચોમા- ૯
સાંની રૂતુ હોએ અને પક્ષીઓએ (પોતાનો) માળો બનાવેલો હોય, તો
તેથી જાણવું કે વરસાદની નીશાણી છે. એટલેજે વરસાદનું ઉપરથી
આવવું થશે. કોઇ વસ્તુ જાતે (આસમાન) ઉપર નહી હોય, તેમજ ૧૦
તેને લગતી કાંઇ નીશાન આસમાન ઉપર નહી હોય. જેમકે ગરમીની
રૂતુ હોય અને પક્ષીઓએ પોતાનો માળો વરસાદની નીશાનવાળો કરેલો
હોય, તો તે ઉપરથી સહમજવું કે (આસમાન) સાયાવાળું નથી, તે છતાં
વરસાદ આવવો જોઇએ.

(૪૭૫) આતશોની અંદર વગર ધુમારાવાળો તથા ધુમારાવાળો ૧
(આતશ) છે. તે વીસે ભલી દીનને લગતો ખોલાશો.

જાણવું કે, વગર ધુમારાવાળો જે આતશ છે, તે નીરમલપણાંથી ૨
પ્રકાશેછે. અને તે લાયકીવાળા યજદોને લગતો છે. અને ધુમારાવાળો ૩

જે આતશ છે, તેની અંદર વગર ખાલેશીવાલી વસ્તુઓનું ભેળાણ છે. તે (આતશ) અંધારાવાળાં વગર તેજના ધુમારાની સાથે પ્રકાશેછે. એટલામાટે ધુવાં સાથના સઘળા આતશોમાં દોજખનાં ધુમારાવાળો આતશ સરવેથી
૪ સરસ ધુમારાવાળો છે. જે ધુમારાવાળા આતશ છે, તે સુકાસને સારૂં જમીનની અંદર રોશન રેહછે. અને તે આતશ (જમીનને) સુકવવા સારૂ સુકાશવાળી ગરમીના સબબ તરીકે છે. તરાવતને દુર કરવા સારૂ જે આતશો છે, તે આસમાન ઉપરથી પ્રકાશનારા (સુર્ય તથા ચંદ્ર) છે.

૧ (૩૪૪) ખોટું બોલનાર અંઘ્રમેનીઊશ સખ્તી ભોગવનારો છે. અને સ્પેનામીનો પોતાને ચહડતે દરજ્જે ચલાવનારો છે. તથા સ્પેનામીનો અંઘ્રમેનીઊશપર વધારે કઊવતવાળો છે. તે વીષે ભલી દીનને લગતો ખોલાશો.

૨ જાણવું કે, ખોટું બોલનાર અઘ્રમેનીઉશ સખ્તી ભોગવનારો છે. એટલેજે અહુરમજદની પેદાએશની સાથે લડાઇ કરવામાં તેને હાર
૩ ખાવી તથા પાછું ફરવુંછે. અને સ્પેનામીનો તેની ઉપર પોતાને ચહડતે દરજ્જે ચલાવનારો એથી છે કે, અંઘ્રમેનીઉશને તેની પેદાએશને હાર ખાવાએ દુઃખ પોંહચવું છે. અને તે દુઃખથી તેની પેદાએશને હાર ખાવી છે. અંઘ્રમેનીઉશની ઉપર સ્પેનામીનોએ ફતેહ મેળવવી, અંઘ્રમેનીઉશની હાર થવાએ તથા તેની પેદાએશ નાલાયક બનવાએછે. સ્પેનામીનોની પેદાએશને ભલી દીનને (દુનીઆંમાં) પ્રસીધ કરવા સાથે છેલ્લા સુધારાને સારૂ જોડાઇને રેહવુંછે. તથા સ્પેનામીનો (પોતાની પેદાએશને) સઘળી સમજ અને અગમબુદ્ધીથી ચલાવનારો છે. અને અંઘ્રમેનીઉશની કેટલીક હલાકી તથા દુઃખો, જે તે દરૂજની હયાતી સુધીની નીશાણી તરીકે છે, તે (માંણસનો) આતમા (પોતાની) ખરાબ અવસ્થાને સારૂં પોતાને તેની અંધાપાવાળી આંખથી ચલાવેછે તેના સબબને લીધે છે. એટલેજે તેને લગતી (યાને અંઘ્રમઇનીઉશની) બુદ્ધિ જો માંણસમાં આમેજ થાએ નહી, તો તે (માંણસ) દુખકારક (દોજખના) ખાડામાં પડે નહી.

(૩૭૮) બેહુ મીનોની (યાને સ્પન્તામઈનીઊશ અને ૧
અંઘ્રમઈનીઊશની) કુઊઅતને પીછાણવા
વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

જાણવું કે, બેહુ મીનોની શકતીઓને (માણસ) એવી રીતે પીછા- ૨
ણવાને શકતીવાન થાએછે, કે જે કોઇ સ્પેનામીનાને પીછાણનારૂં (ઇન-
સાન) હોએછે, તેને તેની (યાને સ્પેનામીનોની) હજુરમાં પોંહચવુંછે.
અને તેણે બેહેશત (નું મકાન) મેળવવું છે. વળી જે અંઘ્રમઇનીઉશને
પીછાણવાવાળું હોએછે, તેને તેની (યાને અંઘ્રમઇનોઉશની) તરફ
ફરવું છે. અને તે ફતેહમંદ બેહસ્ત છોડીને દોજખમાં જાએછે.

(૩૭૯) સ્પેનામીનોની પેદાએશ સઘળી રીતનો શણગાર પામેલીછે. ૧
અને ધનામીનોની પેદાએશ નોકસાનકારક છે. તે વીશે
ભલી દીનને લગતો ખોલાસો.

જાણવું કે, સ્પેનામીનોની પેદાએશ સઘળી રીતનો શણગાર પામેલી, ૨
તેની હૈયાતી હંમેશાં કેટલેક દરજ્જે ઘટતી રીતની પ્રમાણીક હોવાથી છે.
અને ઘનામીનોની પેદાએશ કેટલેએક દરજ્જે સઘળી (ઘનામીનો) થી (શણ-
ગાર પામેલી,) તેને લગતી હૈયાતીની ચીજોથી અને તેની (યાને એહરેમનની)
પોતાની અપ્રમાણીક કઉઅત તેનામાં હોવાથી ઉજદ—અને નોકશાનવાળી
બનેછે. વલી જે સ્પેનામીનોની પેદાએશછે, તેની અંદર ભલા વીચારની
શકતીનું મુળ જણાએછે. અને જે ઘનામીનોને લગતી પેદાએશ છે, તે તેને
સુખ વગરની કરવા સારૂં તેના ફાએદાને નોકસાન કરવાને લાએકની-
છે. અને તેથી સ્પેનામીનોની પેદાએશ વગર ઘનામીનોની પેદાએ-
શમાં અંધકાર વીચાર નજર આવેછે.

૧ **(૩૮૦) ધનામીનોનાં સખત-ધાસ્તીભરેલાં ઘાતકીપણાની અંદર, આએ દુન્યાનાં આદમીઓએ પોતાની ઓલાદને ચાલુ રાખવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, દાદાર અહુરમજદે પેદાએશોને હયાતીનો શણગાર એહરેમનનાં ઘાતકીપણાંની અંદર આપેલોછે. અને તે પેદાએશને આએ દુન્યામાં જોસ્સાની મારફતે હીલચાલ કરનારી તથા હયાતીને લગતી ઇચ્છા વાળી બનાવીછે. આએ દુન્યાનાં લોકોમાં, જે ચઢતે દરજ્જેનાં તુરૂશ અને આરામ સાથનાં આદમીઓછે, તે આએ દુન્યામાં એહરેમનનાં મેલાપ વગરના તથા પોતાની (અસલ) કઉઅતથી નહી ફરનારાંછે. અને તે સવાબની કઉઅતવાળા ઘાટને દુર કરવાની ઇચ્છા રાખનારા અમેસાસપંદોની માફક આએ દુન્યામાં ઘાટ કરનારાઓની ઉપર ચહડતે દરજ્જેનાં રેહછે. અને આદમી વગર ઘાટ કરનારા જોસ્સાની ઇચ્છા-વાળું એજ કારણથી બનેછે. અને આએ ઘાટવાળી દુન્યામાં ચહડતે દરજ્જેના નુરની માફક ફાવી નીકલેછે. જેમ આદમીના (બદનની અંદર) આતશ, પાણી અને મીટીને અંદરનો નુરી આતશ જોસ્સા વાળાં રાખેછે તેમ. આએ દુન્યામાં ધનામીનોની ઘાતવાળી હાલ-તની અંદર (માણસોએ) પોતાની ઓલાદને સુધારાથી ચલાવવી એ ધાસ્તી ભરેલું કામછે.

૧ **(૩૮૧) સઘળાં આદમીઓએ (ખોદાના) તાબેદાર તરીકે પોતાને પીછાણવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, સઘળાં આદમીઓ (ખોદાના) તાબેદાર તરીકે પોતાને ગણવાથી, ચહડતે દરજ્જે પોંહચેછે. અને તેઓને દરએક નેકી પરાપત થાએછે. અને ભલા યજદો તેઓને હયાતીને લગતી ત્રણ મુખ્ય ચીજ પોહચાડેછે. એક મોહતાજ વગરના બનવું—બીજું અમરગીવાળા થવું—અને ત્રીજું મોરાદે પોંહચવું. મોહતાજ વગરનું થવું—બદનને લગતી હાજતનું નેક કામ કરવાએછે. અને તેથી પોતાને વાસ્તે લાએક દોલતનો

તે વધારો કરેછે. વળી નોકશાનકારક હાલતમાં આદમીને તે દોલતના વધારાથી કેટલેએક દરજ્જે હાજતને લગતાં નેક કામ થાઇ શકેછે. અને તેથી તેની ખુશીનો વધારો થાયછે. અને તેહને લીધે તે હાજતવાળાં (આદમીને) વગર મોહતાજનું કરનારછે. (માણસને) વગર મોતે (યાને અમરગીથી) રેહવાની હાજત એ લુબ્ધ છે, તેજ પ્રમાણે તેની ઓલાદને (યાને બચ્ચાંને) હાજત ઉપરાંત દુધનો ખોરાક અમરગીના ફાએદાને માટેનો સહમજી આપવો નોકસાનકારક છે. તેજ પ્રમાણે સેતારાઓના સંબંધ- 3
વાળો શુભ વખત, હમેશાં (માણસની) મોરાદને બર લાવનારો છે. અને તેથી નાલાએક દોલતની ઇચ્છા દોલતને માટેની ઇચ્છાવાળાઓને કેટલેક દરજ્જે વધેછે. દોલતને માટેની વધારે ઇચ્છા, ફરાગત આપનારી અને વધારે કઉવતવાળી હોએછે, તે ટકી રહેછે. જે (માણસની) ઇચ્છા દોલતથી (લોકોને) ઇજા દેવાને માટેની હોએછે તો, તે આદમીની ઇચ્છા સરંજામ પોંહચતી નથી. અને તેને લગતી નામોરાદીથી, તેને વધારે હલાકી અને ગમનું પોંહચવુંછે. માણસને તેની ઇચ્છા બર આવવાથી, ખુબી અને ખુશીનું મેલવવુંછે. એ વીશેનો ખોલાસો એમ છે કે, ખોદાએતાલાના બંદાને (અંધ્રમઇનીઉશનાં) ધાટકીપણાંની અંદર ખોદાને પીછાણી તથા આદમીને ખુશી રાખી શકાતું નથી. આદમી પુરતી રીતે ૪
ખોદાની પીછાણ કરવાએ, પોતાને ચઢતે દરજ્જે પોંહચાડેછે. અને તેથી યજદાંની તરફની સઘળી નેકીથી લાએકનું બનેછે. પણ આદમી જો ધાટકીપણાની હાલતમાં હોએછે, તો તે બીજાને (યાને એહરેમનને) રાજી રાખવાને માટેનું રીહેછે. અને તેથી તેને યજદાંની તરફની લાએક નેકીથી ચઢતે દરજ્જે પોંહચાવું નથી. એટલા વાસ્તે તે બીજાથી (એટલેજે ધનામીનોથી) (માણસને) લાએક બનવું નથી. જો માણસ પોતે બંધેને (યાને સ્પેનતોમઇનીઉશ અને અંધ્રમે- નીઉશને એકબીજાની) બરાબરીના દરજ્જાવાળા યા ચઢતે અથવા ઉત્તરતે દરજ્જેના માણેછે, તો તે પોતે બંધેને એકસરખા દરજ્જાવાળા ગણતું નથી. દુન્યામાં અસાણી, પેદા કરનારની બરોબરનો નથી. તેમજ તે કમ યા
જીયાદેહ પેદા કરનાર નથી. ત્યારે બેહુને એકબીજાની સાથે રાજી રાખી ૫
શકાય નહી. વળી તે બીજા (એહરેમન)ને ધાટકી હાલતમાં હોવા છતાં, ખુશી રાખનારની બરોબરનો કેમ ગણાય ? એ સઘળું ધીઆનમાં લેતાં,

પેદાએશનું બુરૂં કરનારને સઘળાઓને ખુશી રાખનાર અને વસ્તુને
પેદા કરનાર તરીકે આદમીઓએ તકરારમાં લેવો જોઇતો નથી. પણ
આદમીએ સંપુરણ રીતે જાણવું જોઇએ કે, સર્વેને ખુશી સાથે રહેવું
ખોદાએતાલાની તરફથી છે. (દીનમાં) જણાવેલુંછે કે, તનપસીનને
વખતે ખલકનાં લોકોની અંદરથી પેલા એબ આપનાર (એહરેમન)
ને દુર થાઇ જવુંછે.

૧ (૩૮૪) લોકોની અંદર વધારે કઉઅતદાર (કોણ છે)? તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, જ્યારે આદમીની રોનકદાર જાતને માતેલી અને કઉઅત-
વાળી રાખવા સારૂં આપણને ગોસપંદ દેખાયછે, તે ઉપરથી ગોસ્પંદોનું
કઉઅત ચઢતે દરજ્જેનું જણાયછે. અને જ્યારે ગોસ્પંદની કાયા
માતેલી તથા રોનકદાર બનેલી જાડપાનને લીધે દેખાયછે, તેથી જાડ
૩ પાનનું કઉઅત આપણને વધારે અગતનું જણાયછે. જ્યારે આપ-
ણને જમીન વીષે જણાયછે કે, જાડપાન તેમાંથી ઉગનારાંછે અને
આદમીઓ તથા ગોસ્પંદોને વધારે જોબદાર બનવું તેને લીધે છે. ત્યારે
ફરાગત આપવા સારૂ જમીનની વસ્તું આપણને વધારે અગતની દેખાયછે.
૪ જ્યારે પાણી, જમીન, જાડપાન, ગોસ્પંદ અને આદમીને ચલાવ-
નારો પવન છે, એવું આપણને જણાયછે. ત્યારે હૈયાતીને વધારે
૫ શક્તી પવનથી છે, એવું આપણને જણાયછે. જ્યારે ચલકાટ (યાને
નુરી વસ્તુ) વીષે આપણને જણાયછે કે, તે હૈયાતીના ઉપરી પવનને
ચલાવનાર તરીકે છે, ત્યારે તે ઘટતી રીતની મદદ આપનારો ચલકાટ
૬ આપણને સર્વેથી સરસ કઉઅતવાળો દેખાયછે. અને જ્યારે ભલી
દીનથી આપણને જણાયછે કે, ચલકાટને (યાને આત્માને) ચલાવનારી
જે ઉપરી તરીકેની વસ્તુછે, તે ફતેહ મેળવનારૂં ફરોહર છે. તે ઉપરથી
જણાયછે કે આસમાન, પવન, પાણી, અને જમીનને તે ફતેહમંદ
ફરોહરો પોતાના ચલકાટ અને ખોરેહની મારફતે સુધારો કરવા
૭ સારૂં છે. વળી જ્યારે શુર્ય, ચંદ્ર અને તારાઓ આપણને તેજવાળા

દેખાયછે, તે ઉપરથી જણાયછે કે, તેઓની જાતની અંદર ઘણાં કઉઅત-દાર અશો ફરોહરો છે. જે પ્રમાણે હમણાં આએ દુન્યાની સપાટી ઉપર આએ દુન્યાની કાયાવાળાઓમાં દીનદાર આદમીઓ ચહડતે દરજ્જેનાં સરદારી અને હકુમત કરનારાં છે. તે પ્રમાણે આએ દુન્યાંનાં લોકો ઉપર તેઓના યજદોની કઉઅત મોહટો દરજ્જો ભોગવનારી છે.

(૩૮૩) બે મુળ વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, આદમીનું કામ સવાબ યા ગુનાહને લગતું છે. તેમાં ૨
સવાબનું કામ, એ આદમીનાં સવાબને લગતા એરાદાથી છે. અને તેનો વસીલો, આદમીની અંદર બેહમન યાને ભલા વીચારવાળી હયાતીને લગતી અકલ છે.

આદમીની તરફથી ગુનાહનું કામ—ગુનાહને લગતા એરાદાથી ૩
છે. અને તેનો સબબ આદમીની અંદરની બુરાં મનવાળી ઉલટી અકલ
છે. ભલા વીચારવાળી અકલ—આદમીની અંદર દાદારની તરફનો ૪
સવાબ, અશોઇ, ફાયદો, અને સુખને લાવનારી વસ્તુછે. અને બુરાં મનવાળી ઉલટી અકલ—આદમીની અંદર ગુનાહ, અપવીત્રાઇ, નોક-શાન, અને ગમને લાવનારા વસીલા તરીકે છે. જ્યાં આદમી દાદારના ભલા વીચારવાલી સકતીથી—સવાબ, અશોઇ, દીન, અને આદમીનાં સુખ-ને મારેનું નહી હોય, તો તેને લીધે બુરાં મનવાળી ઉલટી અક્કલ—ગુનાહ, અપવીત્રાઇ, નોકસાન અને માણસની ગમગીનીના વસીલા
તરીકેનું કામ કરવા સારૂં માણસની અંદર રેહેછે. જેનાં અન્તકરણનું ૫
મુલ બદનને લગતા સારા ખવાસનું છે. અને ભલા વીચારની અકલનાં મુલને લગતુંછે. તેની ખાસીઅત સવાબ, પવીત્રાઇ, ફાયદો, અને સુખ-
ને માણસની અંદર લાવનારા યજદના સંબંધવાળું છે. એ ઉપરથી ૬
જણાએછે કે, બે મુલોમાંનું એક સવાબ, અશોઇ, ફાએદો અને શુખને મારેનુંછે અને તે નેકીનાં મુળને લગતુંછે. અને એક ગુનાહો, ખોટારૂ, નોકસાન, ગમ અને હલાકી માણસની અંદર લાવનારા વસીલા તરીકેછે.
જે ધરમગુરૂઓ તેમાંના એક (એહરેમન) ના મુળને લગતા હોએ, જેઓનો ૭

ધરમ લોભી જાતવાળાને લગતો હોએ તો, તેઓ હયાતીને સારૂં પાપ, ખોટારૂં, નોકસાન અને ગમ માણસની હલાકીને સારૂં લાવનારા છે. અને તેઓ ખલકના દુશમન તરીકે કેહવાએછે. તેવો ધરમ ખલકને સારૂં દાદારને લગતો, અને સલામતીવાળો કેહવાએછે તે તેમ કેહવાવો નહી જોઈએ.

૧ **(૩૮૯) માણસના (આવતી દુન્યાના) સવાબને લગતાં મકાન અને ગુનાહને લગતા ગાર વીશે, ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, આદમીનું (પેલી દુનીઆં) ની અંદર, સવાબને લગતું રેહઠાણ આએ (નીચે જણાવેલી) ચાર વસ્તુથી છે. એક અહુરમજદની આરાધના કરવાથી. બીજું. અહુરમજદને લગતી ઇચ્છા રાખવાથી. ત્રીજું. તે ઇચ્છાને લગતી ઉલટ રાખવાથી. ચોથું. તેનામાં

૩ (યજદાની) આરાધનાને લગતી ઇચ્છા હોવાયછે. (ઉપલી વીગતમાં જણાવેલું પેહેલી વસ્તુને લગતું) સવાબનું મકાન, ઘણુંજ ચહડતે દરજ્જેનું છે. (બીજી વસ્તુને લગતું) સવાબનું મકાન, તેથી સેહજ ઉતરતું છે. (ત્રીજી વસ્તુને લગતું) સવાબનું મકાન, (હોરમજદના) સરવેથી સરસ તાબેદારથી સેહજ ઉતરતું. (અને છેલું અહુરમજદના) સરવેથી સરસ તાબેદારને લગતું છે.

૪ અહુરમજદની આરાધના કરવી, એ નેકીના પ્યારને સારૂં ભલા (યજદ અમેસાસ્પંદો અને નેકોકાર આદમીઓ) ની બુલંદ આવાજે વખાણ કરવાના સબબથી છે. અને તેથી (તે આદમી) સવાબનાં

૫ ઘણાંજ ચહડતે દરજ્જેનાં મકાનવાળું છે. અહુરમજદને લગતી ઇચ્છાવાળું (માણસ), ભલાઓ (યાને અહુરમજદ અમેસાસ્પંદો યજદો અને ભલા આદમીઓ) ને નેકીને લગતા પ્યારની મારફતે ખુશી કરવાના સબબથી, તથા આએ દુન્યાને લગતો સારો બદલો મેળવવાનાં કારણથી છે. અને એથી તે સવાબનાં સરવેથી ચહડતાં મકાનની નજદીકીવાળું ગણાએછે.

૬ અહુરમજદની ઇચ્છાને લગતું (માણસ), નેકીની તરફના પ્યારને સારૂ ભલાઓને ખુશ કરવાથી, આએ દુન્યાને લગતો સારો બદલો

મેળવવાના સબબવાળું છે. અને તેથી તે સરવેથી સરસ ખોદાની તાબેદારી કરનારનાં સવાબનાં મકાનની નજદીકીમાં આવેલું ગણાએછે.

(માણસ) યજદાની આરાધનાની ઇચ્છાવાળું, તે ભલાઓ ૭
(યાને દાદાર અને તેના યજદ અમેસાસ્પંદો)ની બુલંદ આવાજે વખાણ કરવાના સબબથી ખોદાના સરવેથી સરસ તાબેદારનું સવાબનું મકાન મેળવનારૂં છે.

એજ પ્રમાણે આદમીને સારૂ પાપને લગતાં ચાર બુરાં ઘર આએ ૮
પ્રકારનાં છે. જેમકે પેહલું—બુરાની આરાધના કરવાને લગતું. બીજું. ૯
બુરાની ઇચ્છા રાખવાને લગતું. ત્રીજું. બુરી ઇચ્છાવાળાને લગતું. અને ચોથું. (બુરાની) આરાધનાની ઇચ્છાવાળું. ગુનાહને મારેનાં બુરાં મકાનોમાં (પેહલું) ઘણુંજ નીચું—(બીજું) ઘણાંજ નીચ મકાનની નજદીકીવાળું. ત્રીજું (દોજખનાં) ઉપરનાં મકાનની નજદીકનું. અને ચોથું ગુનાહને લગતું ચહડતે દરજ્જેનું દોજખનું મકાન છે.

બુરા (અંગ્રમઇનીઉશ) ની આરાધના કરવાનો ગુનાહ, જેમકે ૧૦
ભલાઓની દેખઇતી દુશ્મનીને સારૂં ભલાને દુ:ખ દેવાનો છે. અને તેને
સારૂં સરવેથી નીચ દરજ્જાવાળાં પાપનું દોજખનું મકાન છે. બુરાની ૧૧
ઇચ્છા રાખવાને લગતો ગુનાહ, જેમકે ભલાઓની સાથે દુશ્મની રાખી ભલાને દુ:ખ દેવાએ આએ દુન્યામાં સારો બદલો મેળવવાને લગતો છે. અને તે માણસના ગુનાહને લગતું દોજખનું મકાન, ગુનાહના છેક
નીચાં દોજખની પાસેનું છે. બુરી ઇચ્છાવાળાની આરાધનાનો ગુનાહ ૧૨
જેમ કે આએ દુન્યાને લગતા ફાએદાને સારૂં ભલાને જાહેર રીતે ઇજા દેવાનોછે. અને તે સખ્સના પાપનું દોજખ ચઢતે દરજ્જેના પાપનાં
મકાનની પાસેનું છે. બુરાની આરાધનાને લગતી ઇચ્છા કરવાને લગતું ૧૩
પાપ જેવું કે ભલાને જાહેર રીતે દુ:ખ દેઇને આએ દુનીઆંનો ફાએદો
મેળવવાને લગતુંછે. સવાબને લગતાં મકાંન અને મરતબાની તરફ ૧૪
નજર કરતાં તે સંધળાં બુજોરગીવાળાં મકાંન છે. અને ગુનાહના ૧૫
(પસ્તાવાને) લગતાં દોજખનાં મકાનની અંદર પાપની ધારણાની હદ મુજબનું પસ્તાવાને લગતું કંગાલ દરજ્જાવાળું મકાન છે.

૧ (૩૮૭) નહી પસંદ કરવા જોગ ગુણોથી આદમીને ફાએદો નહી થવાનાં કારણ. તથા આદમીઓને બીજા એકપુરા સારા ગુણથી જુદો જુદો ફાએદો મેળવવામાં ફાવી નીકલેલાં કેહવાયછે, તેનાં સબબ વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, આદમીઓની જાત, પોતાનાં બદન ઉપર હકુમત કરનારી બનેલીછે. અને પસંદ કરવા જોગ કામ કરવાથી, તે આએ દુન્યાંની બીજી પેદાએશોની ઉપર સરદારી કરવાને શકતીવાન થાયલીછે. એટલે જે (આદમીઓ), તે હકુમતની મારફતે પસંદ કરવા જોગ કામ કરવાની શકતી ધરાવવાથી, આતમાને માટે ચહડતે દરજેનો વીચાર કરનારાં ચહડતે દરજેનું બોલનારાં અને ચહડતે દરજેનું કામ કરનારાંછે. તથા જે (આતમાને સારૂં) લાએકનું વીચારવું, બોલવું અને કરવું નથી, તેને તેઓ છોડી દેનારાંછે. અને પોતાના આતમાઓને દુરગુણોથી દુર રાખેછે. તથા જેઓ તેઓની સરદારી નીચે હોયછે, તેઓને દોજખથી છુટકારો મેલવનારાં કરેછે. અને બીજા આએ દુનીઆના શકતીવાન લોકોને પોતાની એકપુરી જાતથી, જુદા જુદા સારા ગુણોની મારફતે લાએક ફતેહ મેલવેલા બનાવેછે, તે એક આદમીની કઉઅતને લીધે છે. જેમકે એક કુતરો બેહમનની પેદાએશનાં ગોસ્પંદને સારી પસંદ કરવાજોગ રીતે ચલાવનાર તરીકેછે, તે ભરવાડ આદમીનાં બળને લીધેછે.

૩ જો ભરવાડ (ગોસ્પંદ અને કુતરો) એ બેહુના ઉપરી તરીકેની સરદારીથી, તેઓને પસંદ કરવા જોગ રીતે ચલાવેછે, (અને તેમાં) ગોસ્પંદને વચ્ચે ચલાવેછે, અને કુતરાને (ગોસ્પંદની) આગળ રાખેછે તો તે કુતરાને બાહેરથી ચાલતો જોવાએ, તેને નહી પસંદ કરનારાઓને તેનાં ચહડતે દરજેનાં જોરથી ધાસ્તી ખાવીછે. તથા ચોરોને (તે ગોસ્પંદોને) લુટી લેઇ જવાથી અટકવું છે. તેમજ બકરાને ચોરી લેઇ જાઃ વરૂને ખાવાની બીહીક રેહછે. અને તે ગોસ્પંદના દુધથી બચ્ચાંના આતમાને ફાએદો તથા તુરૂપત થવું છે.

૪ જો તે ભરવાડ, કાએદાથી ઉલટી રીતે, ગોસ્પંદની અંદર કુતરાને ચલાવે, અને ગોસ્પંદને બાહેર રાખે, તો કુતરો અંદર રેહવાથી

ગોસ્પંદને નોકસાન કરનાર થાયછે. અને ગોસ્પંદ બાહેર રેહવાને લીધે ચોરોથી ચોરાઇ લુટાઇ જાયછે. તથા વરૂથી લુટાઇને ફાડી ખવાયછે. અને તેથી ભરવાડ દોલત વગરનો અને પાપી રવાનવાળો બનેછે.

(૩૮૫) દીનનો દરજ્જો ધરાવનારૂં આદમી, નીતીના કાએદાથી હરગેજ નજીસ થતું નથી. પણ તે, દેવના તરીકાથી ખચીત નજીસ બનેછે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. 1

જાણવું કે, દીનનો દરજ્જો ધરાવનારૂં આદમી, નીતીના કાયદાથી હરગેજ નજીસ થાતું નથી, કારંણ કે તે (આદમી), દીનની અંદર ફરમાવેલાં દરએક સવાબનાં કામને સવાબ તરીકે કરનારૂં, અથવા દરએક પાપને લગતાં કામને પાપ તરીકે સહમજીને તેથી દુર રેહનારૂંછે. 2

વળી (દેવની) દીનનો દરજ્જો ધરાવનારૂં આદમી, તેની દીનની અંદર, જે કાંઇ સવાબની વસ્તુને પાપ તરીકે ફરમાવેલી હોએ, તેથી દુર રેહવાએ, તથા જે કાંઇ પાપની વસ્તુને સવાબ તરીકે ગણેલી હોએ તે કરવાએ, દેવના તરીકાથી નજીસ બનેછે. 3

(૩૮૪) (માંણસને) તપાસી જોઇને, દીનને લગતી પદવી આપવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો. 1

જાણવું કે, દરએક શખ્સને હકુમત કરવા સારૂં તથા ઇનસાફ ચુકવવા સારૂં મુકરર કરે, તેની આગમચ તેને તપાસી જોવો. અને ત્યારપછી હાકમીને સારૂં તથા ઇનસાફ ચુકવવા સારૂં તેને કાએદાસર મુકરર કરવો, કે તે શખ્સ કોઇબી જગોએ બુરો હાકમ તથા ઇનસાનનો ખોટો ચુકાદો કરનારો નહી થાએ. જેથી હકુમત કરવા તથા ઇનસાફ ચુકવવા સારૂં મુકરર કરેલા શખ્સની મારફતે રાજને હીમત મલે. અને (લોકોને) ઇનસાફ આપવાથી લડાઇ ઉભી થાવી અટકે. કારણ કે બેહદ લોકો તેઓની બુરી હકુમતને તથા ખોટા ચુકાદાને નજરે જોવાથી, જાણી જોઇને તેને મદદ 2

આપતા નથી; પણ તે બુરા રાજા અને ખોટા નીયાયાધીસને જોલમની શરૂઆત થતાંજ ફેરવી નાખેછે. અને તેની સખ્તી ખમતાં નથી. બુરો રાજા તથા ખોટો ચુકાદો આપનાર નીયાયાધીસ, દુનીઆને હાણી પોંહચાડવાને મારેના છે. એજ સબબને સારૂં, દીનને લગતા ઉપ-રીને આગમચથી જોવો અને તપાસવો, કે જેને લીધે રાજ અને તેને લગતી હીમત અને ફતેહ કાયમ રેહી શકે. અને કેથેબી તે (રાજને લગતી) દીન ખોટી નહી ગણાએ.

૩ રાજની કીરતી અને ચલકાત, બેહદ લોકોની આંખ આગળ, તેની દીનના ખરાબ દેખાવથી ઢંકાઇ જાએછે. અને તેનો સારો દેખાવ દેખાવાએ લોકો તેની તરફ ખેંચાએછે. તેની હકુમતના લેબાસ (વાને સારા બંદોબસ્ત) ઉપરથી, તેને મારે લોકોની નજર માયાભરેલી હોવી જોઇએછે. વળી તેની અંદરનો ખવાસ પડભસત હાલતને લગતો દેખાવાએ, ઘણા લોકો તેની એબને નેકીના દેખાવ તરીકે જોતા નથી. વળી જે કોઇ સંપુરણ નજરે તેને જુવેછે ત્યારે તેઓને તેમાં હયાતી વગરની અને બુરાઇવાલી હાલત દેખાએછે. જેથી તેની તરફ ખેંચાવાથી લોકો આપો-આપ પસ્તાએછે. અને તેઓ તે રાજથી પાછાં ફરવાની ઇચ્છાવાળા થાએછે. અને સઘળાઓ તે ઉલટાં રાજની અંદર વસવાથી, ઇજા ભોગવનારા થાએછે. તથા તેઓના રવાંન પાપી બનેછે.

---

૧ (૩૮૮) વગર કાયદાએ તથા કાયદાથી (માણસને) મારવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, કાયદા વગરના વીચારની સહમજથી (માણસને) મારવું, તે ઇચ્છાથી મારવુંછે. અને (તેવું કામ કરનારા) સઘળાં માણસો દેવ અને દરૂજ તરીકેનાં છે. દેવપણું તથા દરૂજપણું, લોભ, ઉલટો વીચાર, ગોસ્સો, વેર, અદેખાઇ અને બીજા (દુરગુણો), જે ગુનાહને લગતા અને ઇજા દેવાની તરફ (માંણસને) ચલાવનારા છે, તે દેવને લગતા છે. આએ દુનીયાનાં દેવ તથા દરૂજ, વરૂ અને મુજી જાનવરોની કઉઅત ધરાવનારાં લોકો છે.

કાયદાથી મારવું, તે અકલની પસંદગીથી મારવું છે. કારણકે આદમીની અંદર જે પેદાએશને ફાયદો કરનારા અને ખલકને નુકસાન કરનારાછે. તેઓમાં યજદાંને લગતી જીંદગીવાળા લોકો યજદાંને લગતા છે. અને દેવોની કઉઅતવાળા લોકો તેથી (યાને યજદાંથી) ફરવાને મારેના છે. તેઓને દીનનાં ફરમાનથી અને પાદશાહના હોકમથી મારવાનો વાજબી સબબ છે. ગોસ્પંદની અંદરથી કેટલાએક મોટી ઉમર વાળાં ગોસ્પંદને દીનનાં મોટાં કામને સારૂં ચહડતે દરજ્જેની દાનાઇ વાળાં આદમીઓએ દેવોને મોટી ઇજા કરવા સારૂં ભલા લોક અને દીનના દસ્તુરોની વગર રજાએ દીનની કીરયાથી કાપવા અને તે કામને માણસો તથા ભલા યજદોને મોટી કઉઅત મળવાનું તથા દેવોને ઇજા પોંહચવાનું સહમજવું.* 3

જે ધર્મગુરૂઓ દીનને નામે ગોસ્પંદોને વગર કાયદે ઇજા દેનારા છે, તેઓ બદીને લગતાં અતીઅંત નોકસાનો તથા ઉલટાં કામોને મારેના છે. અને આએ ખાલેસ દીનના બેહદ ફાએદા—નેકી—અને નીતીનાં ફરમાનથી વેગલા છે. ૪

(٣٨١) પાદશાહ કએગુશતાસ્પને દરએક ઠેકાણે ભલી દીનને ફેલાવવા સારૂં શકતીવાન થવા તથા તે (દીન) ને લગતો ઓત્તમ દરજજો મેળવવા સારૂં, (ખોદાની તરફથી) સાત ઓત્તમ (યાને સારા ગુણને લગતી) વસ્તુ મળી હતી· તે વીશે ભલી દીનને લગતો ખોલાસો· ૧

જાણવું કે, દીનનાં લખાણથી જણાયલુંછે કે, બુજોરગીવાળા કેયાની પાદશાહ ગુશતાસ્પને સાત તરેહની ઓત્તમ વસ્તુ તેની ૨

* આપણી બરહક મજદીઅસની દીનની અંદર ગાહંબારો અને જશનોના દીવસોમાં ત્રણ વરસથી ઉપરની ઉમરનાં ગોસ્પંદને પરહેજગાર મજદીઅસ્નાન પાસે હલાલ કરાવી તથા તે ગોસ્પંદના મુખ્ય ભાગોને તેને લગતા યજદ અમેશાસ્પદોની ખશ્નુદીને સારૂ યોજદાશ્રેગર મોબેદો પાસે બાજના દરૂનથી ઇંજાવીને તે તે ગોશત પરહેજગાર જરતોશ્તીઓને ખાવાનું ફરમાન છે. તે મુજબ કરવાથી યજદ અમેશાસ્પંદોને ખુશીનું મળવું છે અને દેવ દરૂજોને ઇજા પોંહચવીછે. અને તે ફરમાન મુજબ હાલમાં ઘણાજ થોડા દીનચુસ્ત જરતોશ્તીઓ કરેછે. (જુઓ ઇજિશનેનો ૧૧ મો હા.)

આગમચ થાઇ ગએલા પાદશાહઓ કરતાં ચહડતો દરજ્જો મેળવવા સારૂં (ખોદાએતાલાની તરફથી) મળેલી હતી. અને તેની ઓલાદના તે પછી થાનારા પાદશાહોનેબી હકુમતને સારૂં તે (મોહટાઇ) મળી હતી. જે (વસ્તુ) અહુરમજદના ઇનસાફનો દુનીઆમાં ફેલાવો કરવા સારૂં હમણાબી દાનેશમંદ પાદશાહોને સારૂં જણાયલીછે.

૩ પેહલ્લી ઓત્તમ વસ્તુ—આએ દુનીઆંની હકુમતની સલામતીના વધારા સાથે તેને લગતી મીનોઇ જેહાનની બુજોરગીવાળી નેકીનો સંબંધ આપવાને લગતી હતી.

૪ બીજી ઓત્તમ વસ્તુ—દુનીઆનાં લોકોમાં તેને લગતો ઇનસાફ પાંથરી નાખવો અને તેથી દુનીઆંના સઘળાં આદમીઓને તેની ચહડતે દરજ્જેની હકુમતના તાબેદાર તરીકે ખુશ રાખવાની હતી.

૫ ત્રીજી ઓત્તમ વસ્તુ—સરવેથી ચહડતે દરજ્જેની હીમત અને ફતેહ મેળવવાની હતી.

૬ ચોથી ઓત્તમ વસ્તુ—દરરોજ દરવાજાનાં આગણાં આગળ આવનારા સરવે (મોહતાજદારો) ને ખોરાક આપવાની હતી.

૭ પાંચમી ઓત્તમ વસ્તુ—જેનીથી દુશમનો ટલી શકે, તેવા ઘણા કઉઅતદાર હથીઆરબંદ ઘોડેસવારોને (રાખવાને) લગતી હતી.

૮ છઠી ઓત્તમ વસ્તુ—પાદશાહી મકાનની અંદરની ચહડતે દરજ્જેની ચાલચલણવાળી રાણી (ધરાવવા) ને લગતી હતી.

૯ સાતમી ઓત્તમ વસ્તુ—સઘળી દાનાઇથી જેબાએશ મેળવેલા ભલા લોકોને (યાને દસ્તુર મોબેદોને), તેની હકુમતને લગતાં સઘળા ખંડનાં આતશખાનાંઓમાં, આતશની જતન કરવા તથા પાણીઓને પાક રાખવા સારૂં, તેઓના દરજ્જા મુજબ મુકરર કરવાની હતી. કે જેથી દરએક ભલી દીનવાળો તેની હકુમતની ઇચ્છા મુજબ, પોતાની આએ દુનીઆંની જાતને તથા આતમાને ખુબીવાળો રાખતો રેહ, તો તેની ઓત્તમ ખુબીથી, આએ દુનીઆંની હકુમતને તે પાદશાહ મીનોઇ દુનીઆંના ચહડતે દરજ્જેના સંબંધની સાથે ચલાવી શકે.

૧૦ જ્યારે આદમીઓ (એક બીજાને) ચાહનારાં તથા (એક બીજાને) બનતી મદદ આપનારાં રેહછે, ત્યારે તેઓને આદમીને ચાહવાની ખુબીથી તેને લગતી ઓત્તમ ખુશી મળેછે.

જ્યારે આદમીઓ દુરગુણોને પોતાની અંદર રેહવા દેતાં નથી. ૧૧
અને જે દુરગુણ તેઓનાં બદનની અંદર સંબંધ રાખવાની કોશેશ
કરેછે, તેઓને (પોતાની અંદરથી) હાંકી કાહડેછે, ત્યારે તેઓને તેથી
હીમત તથા ફતેહ મેળવવા સારૂં ઓત્તમ નેકીનું મળવું થાએછે. અને
જેથી તેઓ હમેશાં પોતાને ઉલટ આપનારા રેહછે. જે કોઇ દરવેશો ૧૨
(યાને પરહેજગાર લોકો) ને હમેશાં ધરાએલા રેહવા સારૂં, બને એટલો
ઘટતી રીતનો ખોરાક અને પાણી પોતાની દેવરીએથી આપતું રાખેછે,
તેથી તેને જે ઓત્તમ વસ્તુનું મળવુંછે, તે આએ દુનીયાને લગતી
ઓત્તમ હકુમતની સાથે મીનોને લગતી બુજોરગીનું છે. જયારે એક શખ્સ ૧૩
(ગરીબ) આદમીઓને સઘળો વખત ખોરાક અને પાણી પોતાની દેવરીએથી
આપતું રાખેછે, ત્યારે તે શખ્સ પોતાની દેવરીના દરવાજા ઉપર હમેશાં
ખોરાક આપવાના બંદોબસ્તને લગતી ઓત્તમ વસ્તુ ચાલુ રાખેછે.

જે કોઇ પોતાની કેટલીએક જીંદગી સવાબ કરવામાં અને ૧૪
ગુનાહથી દુર રેહવામાં ગુજારેછે, તો તેથી તે પોતાનાં રવાનને ચહડતે
દરજ્જેનું બનાવનારો છે.

(જે કોઇ) દુનયામાં નેકનામીનાં કામ કરેછે, તેથી દુશમનને હાંણી ૧૫
પોંહચાડવાને તેને ઘણાં લશકર અને ઘણા કઉઅતની ઓત્તમ બખ્શેશ મળેછે.

જે કોઇ ભલાં માણસની મેહમાનદારી કરનારો હોયછે, તથા જે ૧૬
કાંઇ વસ્તુ તેને મળેલી હોય તેથી તે (મેહમાન) ને ખુશ કરનારો થાયછે.
તો તે શખ્સ ગામના સારી ચાલચલણવાળા પુરૂષોની ઉપર ઓત્તમ
બખ્શેશવાળો ગણાયછે.

જે કોઇ આદમી, ગોસ્પંદ, આતશ, અને પાણી, જે તેને લગતું ૧૭
હોય, તેને ઘરની અંદરની પોતાની હકુમતથી સારી રીતે રાખેછે; તો તે
શખ્સ તે ઓત્તમ કામથી, અહુરમજદના આતશની જાળવણી કર-
નારા અશો મરદો અને પાણીને પાક રાખનારા ભલા લોકો ઉપર ચહ-
ડતો દરજ્જો મેળવનારો છે.

જે કોઇ શખ્સ આએ સઘળી સાતે વસ્તુમાંની દરએક વસ્તુને ૧૮
બનતી કોશેશથી ચાહનારો અને પોતાની કરનારો હોયછે; તો તે કેયાની
પાદશાહ ગુસ્તાસ્પને સારૂં ઉપર જણાવેલી ઓત્તમ સાત વસ્તુની
બરોબર મોહટાઇનો બદલો પોતાને માટે મેલવનારો છે.

૧ (૩૧૦) દુનીયાને ખુશી આપનાર અને તેને હાંણી પોંહચાડનાર (વસ્તુ) વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, (આએ દુનીયાંની) સઘળી વસ્તુમાંની દરએક ચીજની અંદર ખુશી આપનારી વસ્તુનો સંબંધ છે, તેજપ્રમાણે તે વસ્તુની
૩ અંદર હાંણી પોંહચાડનારી વસ્તુનો સંબંધ છે. એજપ્રમાણે સઘળી વસ્તુઓમાં, જે વસ્તુ હાંણી પોંહચાડનારની જાત સાથે સંબંધવાળી છે, તે વસ્તુ ખુશી આપનારનો સંબંધ ધરાવનારી છે. જેમકે ગરમી અને તરાવત, જાડપાનને ખીલવનાર તરીકે છે. તેમજ થંડી તથા સુકાસનું તેની સાથે રેહવું, જાડપાનને સુકવી નાખનારી ધાસ્તી તરીકે છે.
૪ તેજ પ્રમાણે ભલી દીનની અંદર દુનીઆને હાણી પોંહચાડનાર ચાર જણને જણાવેલા છે. તેમાં પેહલ્લો—પાણી તથા આતશ અને દુનીઆનાં બીજાં વરૂધી કરનારાં મુળોને નોકસાન કરનાર તથા હાણી પોંહચાડનાર બુરી દીનવાલો (એહરેમન), તથા આએ દુનીઆમાં તેની સહમજના સંબંધથી, દુનીઆની ઉતપત્તીને ખરાબ કરનારાં તથા હાણી પોંહચાડનારાં આદમીઓ છે.
૫ બીજો—દીનની નાપસંદ કેળવણી તથા બુરાં ફરમાન આપનારો ધર્મ શીક્ષક છે. કારણ કે તેની તરફથી બુરી દીનવાલા ધર્મગુરૂઓની, (યજદાંની) દીનની દાનાઇને તથા યજદાંની હકુમતનો નાશ કરનારી તથા ખરાબી કરનારી ઘાતકી સહમજ આપવીછે.
૬ તરીજો—ચોરોને પોતાની દોલતથી મદદ કરનાર, તથા ઇરાનીઓ (યાને ભલી દીનવાળાઓ) દાદારની તરફની જે માલમતા ધરાવતા હોએ તેને તારાજ કરનાર હોએ.
૭ ચોથો—ઇનસાફને હાંણી પોહચાડનારા નીયાયાધીસો, જેઓ દુનીઆનાં નીયાયાધીશોની ઉપર ખોટા ચુકાદાથી ફાવનારા હોએ. અને જેઓ દુનીઆને ઉજડ કરનારા તથા જાણી જોઇને હકુમતને બુરી મદદ કરનારાઓને સારી બખશેશ કરનારા હોએ.
૮ વળી ચાર (જણ) દુનીઆંને ફરાગત (યાને સુખ) આપનારા છે. તેમાં એક—સુખનો સંબંધ ચાલુ રાખવા સારૂં, પાણી—આતશ અને બીજાં દુનીઆંની વરધી કરનારાં મુળોને ભલી દીનના કાએદાસર

નાશકારક વસ્તુથી પાક રાખનારો તથા આતશોની જતન કરનારો અને બીજાં આતમાવાળાં ગુણોની ઘટતી રીતે રાખનારો હોય; કે તેથી તેની ઓલાદ દાનાઇવાળાં આદમીઓની અંદર પ્રતાપ સાથની જીંદગી ગુજારનારી—તનદરૂસ્તીવાળી—ફતેહ મેળવનારી—પવીત્ર જાતવાળી અને કેટલોએક સારો સુધારો કરનારી થાયછે.

બીજો—દીનનું ગ્નાન મેળવનારને તથા દીનનાં ફરમાન સહમજ- ૯
નારને, પસંદ કરવાજોગ રીતે દીનની કેળવણી આપનારો ઉસ્તાદ છે; કે જેનીથી દીનની દાનાઇનો સંભાળ બુરી દીનવાળા ધર્મ ગુરૂઓનાં પાપી નોકસાનથી થાયછે. અને તેથી સાચવટભરેલાં દીનનાં ફરમાનથી લોકોને સારી રીતે ચાલવું—હકુમતને જેબ અને દુનીઆંને રોનકદાર બનવું છે.

ત્રીજો—દોલતના સંબંધવાળો પુરૂષ છે, કે જેનેથી (દુનીઆંમાં) ૧૦
મોહટાઇ—સુલેહ અને સખાવત પંથરાએછે. અને દુનીઆં ચહડતે દરજ્જેની બનેછે. તથા આદમીઓ સુધરેલાં અને જેબ આપનારાં થાએછે. ખલકનાં લોક ખુશ રેહછે અને યજદોને ખુશી ઉપજેછે.

ચોથું—ઇનસાફને હાણી પોંહચાડવાનો સંબંધ દુનીઆંના ૧૧
લોભી તથા જુઠા અને બુરા નીઆધીસોને ફાવવાથી છે. પણ ઇનસાફને જેબ દુનીઆના ભલા અને સાચા નીયાયાધીસોની ફતેહ થવાથી છે. જે (નીયાયાધીસ) ના તેવા ગુણોથી લોકોને વગર ધાસ્તીએ આબાદ હાલતે અને સારા દેખાવથી રેહવુંછે. અને તેથી આદમીઓનો સંભાલ અને સારી વરૂધી તથા રાજના સ્થંભનો સારો સુધારો થાએછે.

(૬૧) સુધારા ગુણો તથા બીગાડાને લગતા (દુરગુણો) વીશે ભલી દીનનો ખોલાસો. ૧

જાણવું કે, સુધારાને લગતા ગુણો, સેવટની જીંદગીના સંબંધને ૨
વાસ્તેના છે. અને જે (ગુણો) યજદોને લગતા છે. તથા તે દરએક (માણસની) આતમાવાળી જાતને માટેના છે. અને તેથી યજદો (માણસની સાથે) જોડાયલા રેહછે. માટે અકલને લગતો વીચાર જો

સેવટની જીંદગીને સારૂં આતમાવાળી જાતને લગતો નહી હોય તો, તે (વીચાર) ને (માણસે) છોડી દેવો.

૩ નેક લોકોને માટે સેવટની જીંદગીને લગતાં કામો, અકલને લગતા વીચારના સંબંધથી છે. ખોદાની તાબેદારીનો વીચાર સેવટની જીનદગીની
૪ કઉઅતનો સંબંધ મેળવવાને માટેનો છે. અને સેવટની જીંદગીનો
૫ સંબંધ ખોદાની તાબેદારીના વીચારથી છે. (માણસને આએ દુનીઆંમાં) સેવટની જીંદગીને લાયકનું બનવું, પોતાને તપાસથી રાખવાએછે. અને (પોતાને) ચોકસાઇથી રાખવું, સેવટની જીંદગીનો ઘટતો સંબંધ હોવા સારૂં
૬ છે. સેવટની સંતોષી જીંદગીનો સંબંધ ઉદીઓગથી છે. અને સેવટના
૭ ઉદીઓગનો સંબંધ તેને લગતી સંતોષી જીંદગી ગુજારવાએછે. નીતીવાળી હીલચાલથી આવતી જીંદગીનો સંબંધ મેળવવો, (પડતાં દુઃખને) સહેન કરવાની શકતીથી છે. અને સહેન કરવાની શકતી, નીતીનાં કામ કરવા સારૂં છે.

૮ (દોજખથી) છુટકારો મેળવવા માટેની સેવટની જીંદગીનો સંબંધ, નીતીનાં કામ કરવાએછે. તેમજ સેવટની જીંદગીનો સંબંધ નીતીના
૯ કામ કરવાથી દોજખથી છુટકારો મેળવવા સારૂં છે. સેવટની જીંદગીનો સંબંધ ખોદાએતાલાની તાબેદારીનો વીચાર રાખવા સારૂં મોટું દીલ રાખવાએછે. તેમજ ખોદાની તાબેદારીના વીચારથી સેવટની જીંદગીનો સંબંધ મોટાં મનને સારૂં છે.

૧૦ સેવટની જીંદગીનો ચહડતે દરજ્જેનો સંબંધ સખાવતથી છે. તેમજ સખાવતથી સેવટની જીંદગીનો સંબંધ ચહડતા દરજ્જાને માટે-
૧૧ નો છે. સેવટની જીંદગીને લગતી અકલ મેલવવાનો જાથુકનો અભીઆસ, સંતોષના ઉપરીપણાથી છે, તેમજ સેવટની જીંદગીના સંબંધવાળું સંતોષનું ઉપરીપણું, અકલ મેળવવાના જાથુકના વીચારે અને એકીનદારીનાં કામ કરવાથી છે.

૧૨ સેવટની જીંદગીનો સંબંધ દીનનાં ફરમાનોને પસંદ રખાવાએ છે. તેમજ સેવટની જીંદગીનો સંબંધ ચહડતે દરજ્જેનાં ઇમાનથી દીનને
૧૩ લગતાં ફરમાનો કબુલ રાખવાએછે. સેવટની જીંદ-ગીનો સંબંધ તેની મતલબને લગતાં કાંમનો અકલથી શોક રાખવાએછે. તેમજ
૧૪ સેવટની જીંદગીનો સંબંધ ઇજ્જતને સારૂં છે. સેવટની જીંદગીનો

સંબંધ વગર ગુનાહે રેહેવાથી છે. અને સવાબને માટેનો ઉદીઓગ સેવટનાં સંબંધને માટે પવીતર રેહવા સારૂ કરવાથી છે. બીજા દરએક સેવટની જીંદગીને લગતા સારા ગુણો માણસની અંદર હોવા, તેના આતમાને લગતા સારા ખવાસથી છે.

નોકસાન કરનારા દુરગુણો, પાપી (અંધ્રમીનીઉશ) ના વખતે ૧૫
વખતના સંબંધે કરીછે. (માણસ) દરએક દુરગુણવાળું, તે પાપીના દુરગુણનાં રેહઠાણથી છે. જો માણસની જાત દીનનાં ગ્નાન વગરની હોએચ, તો તેનામાં દાનાઇની જગોએ અતીઅન્તગુમરાહી, અને દીઆનતદારીની જગોએ ખરાબ ખસલત હોએછે. તથા ખોદાની તાબેદારીના વીચારની જગોએ વેરી (અંધ્રમઇનીઉશ) નો વીચાર, (આવતી દુનીયાંની) બળવન્ત શકતીની જગોએ, ગોસ્સા ભરેલો વીચાર, અને લીઆકતની જગોએ ઉલટો વીચાર રેહછે. સીફત કરવાની જગોએ ગીબત કરવી. ધીરજ રાખવાની જગોએ આળસુ થવું. ઉદીઓગ કરવાની જગોએ લોભ કરવો; નીતીની જગોએ, બદકામ કરવું. સારી મદદ આપવાની જગોએ, ચોરી કરવી. પરહેજગારીની જગોએ, લુછાઇ કરવી, નીતીથી ચાલવાને ઠેકાણે, પાપ કરવું. ચહડતે દરજ્જેની નેકીનો વીચાર રાખવાની જગોએ, નેકીની વાત સાંભળવાથી દુર રેહવું. ખોદાની તાબેદારીનો વીચાર રાખવાની જગોએ, હીનપરતીમાં આવવું. સખાવત કરવાની જગોએ, બખીલી કરવી. વધારાની જગોએ, ઘટારો કરવો. દીનની દાનાઇનો જાથુક અભીયાસ કરવાની જગોએ, ઉલટી ચાલચલણના થવું. અકલનો અભીઆશ કરવાની જગોએ, દીનની સહમજ વગર રેહવું. અકલની પસંદગી તથા દીનને ચાહવાની જગોએ આપમતલબથી રેહવું. કારણને લગતાં કામો કરવાની જગોએ, મકર અને જાદુઇનાં કામો કરવાં. અને શરમની જગોએ શોખાઇ, દોલતની જગોએ મુફલેસી. ફરમાનબરદારીની જગોએ, સરવેથી સરસ બેઇમાની. ઓતમ ઇમાનદારીની જગોએ, બેવફાઇ. બેગુનાહ રેહવાની જગોએ, સવાબનો અટકાવ કરવો. સવાબનાં કામ કરનાર થવાની જગોએ, સવાબનો નાશ કરનારં થવું. એ સીવાએ બીજા સારા ગુણના સંબંધની જગોએ પાપીના જેવા દુરગુણો ધરાવવાછે.

૧ (૩૧૪) જે વસ્તુની મતલબ તેની પેદાએશની પછી જણાયછે, તથા જે વસ્તુ તેની પેદાએશનાં કારણ ઊપરથી જણાયછે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, દરએક જણની આંખે જે વસ્તુનું દેખાવું નથી, તે તેની હયાતી છે. દાનાવ લોકોને માણસની જીંદગીને લગતો સબબ
૩ ઘણીએક રીતે જણાયલોછે. માણસની (જીંદગીને) નાલાએક બનવું, તેની અંદર એહરેમનના વસીલાને જણાવાથી છે. જેમકે દાનાઇવાળા ખોદાની હયાતી દાનાઇના સબબથી છે. અને તે દાદાર અહુરમજદનું અસલીઅતપણાનું જણાવું, બેહદ આદમીઓની હયાતીથી છે. અને તેથી તે (દાદાર) ની શકતી તથા તેની દાનાઇના ગુણને જણાવાનો સબબ છે. આદમીની પેદાએશની હયાતી હોવાથી તે ખોદાએતાલા (તેના) હાકમ તરીકે જણાયલોછે. તેમજ તે (ખોદાવંદ) પોતાની ઇચ્છા પ્રમાણે તેની પેદાએશને (જેટલી અને જેવી જોઇએ તેટલી) મેળવનારોછે. તેણે એખલાએ તેની જગત બનાવીછે. તેજ ઉપરથી તેને લગતાં ઘણાં કારણો આપણને જણાયછે. જેની હયાતીની સહમજ આદમીને જણાવેઅમાં, નથી આવી, તેનાં ઘણાંએક કારણો દાનાવ લોકોને જણાયલાંછે. જેમકે એક બુરી બુદ્ધીવાળાની પોતાની હયાતી બુરી બુદ્ધીથી છે. અને તે બુરી બુદ્ધીની બુનીઆદનું જણાવું, તેને લગતા ઘણાએક (બુરા) સબબથી છે. તેમાંનો એક સબબ તેને લાએકની પેદાએશ, લાએકની નહી હોવાએ છે. વળી તે (પેદાએશ) હાજતથી બેચેનીવાળી હોવાને લીધે લોભી ચાલચલણને દાબી નાખનારી બનતી નથી. અને તેની પોતાની એકબી (પેદાએશ) સવચ્છ સંબંધ રાખનારી નથી; પણ તેના પોતાના સંબંધને લાએકનીજ રેહવાની.

૪ દાનાઇનાં મુલવાળા તથા બુરી બુદ્ધીનાં મુલવાળાઓમાં, (દાનાઇનાં મુલવાળા) યજદી આતમાઓના સંબંધવાળા તથા તેઓના હમશરીક જેવા છે. અને નેસ્તીની પેદાએશવાળાઓ, યજદોની માફકના સંબંધવાળાં મુલ ધરાવનારા નથી. પણ તેઓનાં (બુરાં) મુલને લગતો સંબંધ ધરાવનારા તથા તેના ભાગીઆ તરીકેના છે.

જે ધરમગુરૂઓ એક ખોદાનાં મુલવાળી હયાતી ધરાવનારા છે, ૫
તેઓનો ધરમ તેઓને હમેશાં ઇજત આપનારોછે. તેથી (તેઓએ) જે
ધરમ દેખઇતો ખોટારાંવાળો કેહવાએછે, તેથી દુર રેહવું. અને પોતાના
આતમાનાના સંબંધવાળાં મુલવાળા ધરમને સઘળો વખત વલગી
રેહવું અને તેના હમશરીક થવું.

(૩૧૩) આદમીની નેકી તથા હલાકી અને તેના મુળ તથા ફળ વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, હયાતીવાળાં આદમીઓને, તથા બીજી ભલી પેદાએશને,
નીતીના વીચારથી નેકી છે. તથા તેઓને અનીતીના વીચારથી ઇજા ૨
ભોગવવી છે. જેબી આદમી કેટલાએક પ્રકારની નીતીથી પોતાને (આએ
દુનીઆંમાં) ચલાવેછે, તે તેઓની નેકીને સારૂંછે. અને જે કોઇ
અનીતીથી પોતાને ચલાવેછે, તે તેઓને માટેની હલાકીને સારૂં છે.
નીતીવાન માણસની નેકીનું મુળ, દાનાઇ છે. અને અનીતીવાન ૩
માણસની હલાકીનું મુળ, બુરી બુદ્ધી છે. જે દાનાઇ આદમીની ૪
ઉપરી છે, તે નીતીને લગતી છે. અને તેનું મુળ દાનાઇવાળા (દાદાર) ની
જાત છે. અને તે દાનાઇની બુનીઆદ દાદાર અહુરમજદની
પોતાની હસ્તી છે.

જે બુરી બુદ્ધી માણસની ઉપરી છે, તે અનીતીને લગતીછે. અને ૫
તેનું મુળ બુરી બુદ્ધીવાળા (અંઘ્રમઇનીઉશ) ની પોતાની જાત છે.
તથા તે બુરી બુદ્ધીની બુનીઆદ, જે નીતીવાન છે, તેને લાયકની
નથી. કારણકે તે (નીતીવાંન શખ્સ) સ્વછ અને બુરી બુદ્ધી
વગરનો છે. અનીતીવાળાનું કામ, સારી કરણીવાળાથી હરગેજ
થઇ શકે નહી. નીતીનું ફળ નેકી છે. અને તેથી (માણસને)
સારા પ્રતાપવાળું બનવું છે. અનીતીવાન માણસને હલાકી છે.
અને તેથી વખતોની અંદર તે પાપી બનેછે. જે કોઇ આદમી છે,
તે આદમીને તથા ભલી પેદાએશને ફાયદો કરનારૂં છે. અને અનીતી-
વાળી હલાકીનું ફળ નીતીવાળી નેકીને તોડનારૂં તથા આદમી તથા

બીજી ભલી પેદાએશને નોકશાન કરનારૂં છે. નીતીવાળી નેકીથી માણસ ખોદાનું તાબેદાર અને સારા પ્રતાપવાળું રેહ છે. અને અનીતીથી (માણસને) હલાકી પોંહચેછે. માણસ અને બીજી ભલી પેદાશની તરફથી ખલકના લોકોને સ્વછ ફાએદાથી જે રેહવું છે, તે ફ્રશકેરેતિના ભલા વખતને સારૂં છે.

૬ જે ધરમગુરૂઓ છે, તેઓને એક (દાદાર) નાં ધરમી મુળ વગર રેહી શકવું નથી. કેમકે (નહી તો) તેઓનો ધરમ જે નીતીવાન દાનાઇવાળો છે, તે અનીતીવાળી બુરી બુદ્ધી સાથે જોડાએલો કેહવાએછે. બુરી બુદ્ધીવાળાં મુળના સંબંધથી જે અનીતીવાળાં મુળનો (ધરમ છે તે) નીતીવાળો ધરમ કેહવાએ નહી. પણ તે (ધરમ) દેવનાં ઉપરીપણાવાળો કેહેવાએછે.

---

૧ (૩૧૪) આદમીની ચહડતે દરજજેની જાતની અંદર જે જાત સરવેથી ઓત્તમ અને બુલંદીવાળી છે, તેમાંની મદયમ દરજાવાળી જાત કેહીછે? તે વીશે તથા આદમીની સરવેથી ઊતરતી જાતની અંદરથી (મદયમ) ઊતરતી જાત કેહીછે? તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાણવું કે, જે આદમીની જાતનાં ઉપરી અમેશાસ્પંદો છે, તે (આદમી) ની જાત દાંનાંઇમાં ઘણીજ ચહડતા દરજ્જાવાળી છે. અને જે આદમીની જાત (અમેશાસ્પંદોથી) ઘણી પછાત પડેલી હોયછે, તે જાત દાનઇ-વાળાં ગોસ્પંદથી ઉતરતા દરજ્જાવાળી છે. અને આએ બે જાતોની વચ્ચેનો જાતવાળું આદમી જે સરવેથી ચહડતે દરજ્જેની ખોદાઇ અકલવાળું છે, તે નીતીની સહમજમાં ઘણું સરસ તથા કેળવણી લીધેલી અકલથી (દુનીઆમાં) ઘણુંજ દીપી નીકલેલું હોએ તે છે. અને તે (કેળવણી તથા જાતી બુદ્ધિ) થી આદમીઓની અંદર ખોદાના તાબેદાર તરીકે પોતાના ખવાસને સુધારનારૂં હોએછે. તથા તેની અંદર અમેશાસ્પંદોની દાનાઇના પોંહચવાએ, તે ઘણું ઓત્તમ દરજ્જાવાળું બનેછે.

આદમીની જાતની અંદર સરવેથી ઉતરતે દરજ્જેની જાત તે છે, કે જે પોતાની જાતી બુધ્ધિનો, વીદયા શીખવનાર ઉસ્તાદથી એલમ મેલવીને વધારો નહી કરે. અને અંતકરણના ખવાસને નહી સુધારે; તો તેનાં અંતકરણના ખવાસો ઘણા હીનપસ્તીભરેલા રેહછે. અને આદમીઓની અંદર તે ગોસ્પંદની માફકની વગર અકલવાળી જાતના જેવું છે. ૩

(૩૧૦) આદમીઓની અંદરનાં ચહડતી, મધ્યમ અને ઊતરતી કીમતવાળાં તથા કીમત વગરનાં અને આબાદીને ઊજાડ કરનારાં આદમી વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, જે (આદમી) દીનને લગતી સરવેથી ચહડતી અકલ-વાળું તથા ગાથાનું ગાયન કરનારૂં હોય, અને મજદયસ્નીની દીનની સરવેથી ચહડતે દરજ્જેની સહમજ (લોકોને) આપનારૂં હોય, તે (આદમી) મોટી કીમતવાળું છે.* ૨

જે આદમી ભલી દીનવાળું, મોટી અકલવાળું અને ગાથાનું ગાયણ કરનારૂં તથા મજદીઅસની દીનને લગતી મધ્યમ સહમજ લોકો-ને આપનારૂં હોય તે મધ્યમ કીમતવાળું છે.† ૩

જે આદમી અન્તકરણના ખવાસને સુધારનારૂં, જાતી બુધ્ધીવાળું અને ગાથાનું ગાએન કરનારૂં તથા મજદીયસની દીનની ઘણી થોડી સહમજ લોકોને આપનારૂં હોય તે ઘણી થોડી કીમતવાળું છે.‡ ૪

વગર કીમતવાળું તે આદમી છે, કે જે સારી ખાસીઅતવાળું તથા ભલી દીનની અકલવાળું હોય, પણ બુરી દીનવાળા ધરમગુરૂઓની ૫

---

* આએ સીફત પેગમબર અશો જરતોશત અને કુદરતની યજદી ઓશાર-તથી દીનની સહમજ મેલવેલા જેવાકે અરદાએ વીરાફ, દસ્તુર આદરબાદ મારાસ્પંદ ઇત્યાદી દીનના પેશવાઓને લાગુ પડેછે.

† આએ શેફત દીનનો એલમ શીખેલા અને દીનનો એલમ ટોળાના લાએક લોકોને સીખવનારા દીનદાર તથા દીનઆગાહ દસ્તુરો અને દીનના અભીઆષી એરવદો તથા બેહદીનોનોને લાગુ પડેછે.

‡ આએ સીફત દીનદાર મોબેદો તથા ધરમી બેહદીનોને લાગુ પડેછે.

અંધકાર સહમજથી નજીસ બનેલું અને ઠગાયલું હોય. તથા બુરી દીનવાળા ધરમગુરૂની મળેલી બુરી બુદ્ધીથી બુરા ધરમગુરૂઓના ચહડતે દરજ્જેના વીચારને તે મદદ કરનારૂં હોય.*

૬ આબાદીને ઉજડ કરનારૂં તે આદમી છે, કે જે બુરી દીનવાળા ધરમગુરૂના સંબંધથી ઠગાયલું તથા બુરા ધરમગુરૂઓની અકલ મેળવેલું હોએ. અને તેથી મજદીયસની દીન પાળનારાઓને નોકસાન પોહચાડનારૂં થાએ. તે દોજખી આદમીને કતલ કરવું. કેમકે, તે બુરી દીનવાળા ધરમગુરૂના જેવું ઠગારૂં, તથા બીજા દરેક મરગરજાની ગુનેહગારની માફકનું છે. અને ચહડતે દરજ્જેનો વીચાર ધરાવનારૂં નથી.

૧ (૭૧૫) **હદવાળા (યાને આએ દુનીઆંની હયાતીને લગતા) ચાલુ વખતના સંબંધની અંદર, જે ચીજનો ફેરફાર થવો નથી. તથા જે ચીજનો ફેરફાર થવો છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, હદવાળા ચાલુ વખતના સંબંધની અંદર, જે (શખ્શ) અહુરમજદની ઇચ્છાવાળો, અને પોતે ઘાત વગરની હાલતમાં રેહનારો
૩ હોએ તેનીથી પોતાને માટેનો ફેરફાર થતો નથી. આએ દુનીઆંની ઓલાદ, ઘાતવાળી સ્થીતીમાં જન્મ લેનારી છે. આએ દુનીઆને લગતી જે ઓલાદ ભલી દીનવાળી છે, તેને ભલાઇથી (આએ દુનીઆંમાં) દર વખતે ફતેહમંદ હાલતે રેહવુંછે. અને જે બુરી દીનવાળી ઓલાદ છે, તેને બુરાઇથી રેહવુંછે. જે ભલો (દાદાર) વખાણ કરવાજોગ છે, તેને લગતો સવાબ કરવાથી (માણસને) નેક બદલાવાળું બનવુંછે. અને જે

---

* આએ સેફત જે જરતોશતીઓ આપણા ધરમને લગતી કેળવણી લેવા છતાં દુનીઆઈ માન તથા લાલચ તથા જરતોશતી ધરમના બંધારણના કાએદાની છુટ મેળવવાની મતલબથી, દેવપ્રસ્તી ઊલટા ધરમના રેવાજ તથા ફરમાનોને આપણા ટોળામાં તેની અડ રાએઆ વગર ચલાવવા માંગતા હોએ અને તેવો પોતાનાં અધરમી કામમાં સુધારો સહમજતા હોએ તેઓને લાગુ પડેછે.

ધીકારવાજોગ બુરો (અંગ્રમઇનીઉશ) છે, તેને લગતું પાપ કરવાથી (માણસને) સજા ભોગવવીછે. એજ પ્રમાણે બીજી ચીજોનો વખત પ્રમાણે ફેરફાર થવો તથા ઘણીએક રીતે કામને લગતો દુનીઆમાં કારોબાર ચલાવવો છે. તેજ પ્રમાણે (માણસનાં) બદનને બાળપણથી જવાનીમાં, તથા જવાનીથી જઇફીમાં, અને નાદાનીથી વાકેફગારીની હાલતમાં, તથા બદીથી ભલાઇમાં, અને અપવીતરાઇથી પવીતરાઇમાં ફેરફાર થવોછે.
જે વસ્તુ ફેરફાર થવા જોગ નથી. તે તેને લગતી કુશેશ (યાને હીલ- ૪
ચાલ) થી હમેશાં તેમ થાએછે. જેમકે ચંદ્ર પોતે તેને લગતા વખત ઉપર જુદી જુદી રીતે ફરેછે. જે પ્રમાણે તે ચંદ્ર, અંદર માહ (યાને બીજના ચાંદ)ની હાલતમાંથી, પુરમાહ (યાને અરધ ચાંદ)ની હાલતમાં અને પુરમાહની હાલતમાંથી, વીસ્પેતથ માહ (યાને પુનમના ચાંદ)ની હાલતમાં આવેછે. સુનેરી વખત રૂપેરી વખતમાં, રૂપેરી વખત ફોલાદી વખતમાં અને ફોલાદી વખત લોહડાંના વખતમાં મળેછે. ત્યારે ઇરાની (યાને જરતોશતી મજદીયસનાન)ઓની સ્થીતીમાં ઘણીએક રીતનો ફેરફાર થવો છે. અને જેમ ઘણાંએક માણસોની, તેમજ બીજાં જાનવરોની, હાલત એ વેળા તેની આગળી આએ દુનીઆંને લગતી જે હાલત હતી તેમાંથી નેસ્તીમાં આવવું થશે.*

જે ધરમગુરૂઓનો તરીકો, ધરમી ઇચ્છાવાળા (લોકોના) આતમાને ૫
હમેશાં ભલાઇની ઉલટમાંથી બુરાઇની ઉલટમાં ફેરવવાનો છે. તોઓનો ધરમ ખરેખરી બુરી ઇચ્છાવાળો છે. કારણકે તેઓ ભલા મજહબની ઇચ્છાને ઉલટી આંખે જોવાથી તેની ઇચ્છા રાખનારને તેથી મના કરનાર છે. તેઓ આજની ઇચ્છાને કાલે ઉલટી જોવાથી પસ્તાવો કરનારા કેહવાયછે.

---

* આએ ઉપર જણાવેલા ચંદરમાહના ફેરફારની વીગત માહ નીઆએશના પાક અવસ્તામાં જણાવેલીછે તથા વખતના ફેરફારની ખાના જંદે બેહમન યશ્તમાં આવેલીછે.

૧ (૩૧૪) જોતી શકતીવાળું (યાને સહમજ ધરાવનારૂં) આદમી, પોતાને સુધારનારૂં તથા ચહડતે દરજજેનું બનાવનારૂં છે. અને ઊલટી શકતી (યાને બુરી બુધ્ધિ) વાળું આદમી, પોતાને ઘટાડનારૂં તથા કાએદાસરનાં લોકોમાં પોતાને કંગાલ બનાવનારૂં છે, (તે આદમીનીઓ) નું, ભલી દીનનાં લખાણ મુજબનું જુદું જુદું વરણન.

૨ જાણવું કે, આદમી જોવાની શકતીવાળું, તેનામાં જાતી અકલ હોવાથી છે. અને તે (જાતી અકલ) તેના આતમાને હયાતીને લગતી આંખ છે. અને તે (આંખ)નો સુધારો તેનાં અન્તકરણની ઉપર બેહમનનું જોર હોવાએછે. તથા તેના ચહડતા દરજ્જાનો વધારો, દીનને લગતી દાનાઇના કલામો સાંભળવાથી છે. અને તેનો ઘટાડો દીનને લગતી દાનાઇના કલામો સાંભળવાથી દુર રેહવાએ (યાને દીનને લગતી માહીતગારી નહી મેલવવાએ) છે.

3 (આદમી) ચોરાએલી અલકવાલી કઉઅતનું, અકોમનનાં ઉપરી-

૪ પણાંની તેની ઉપર જાસ્તી હોવાએ છે. (આદમીની સહમજ શકતી-વાળી આંખ ત્રણ તરેહની છે). તેમાંની એક (આંખ) સઘળી રીતે

૫-૬ ખોલ્લી હોએછે. બીજી આંખ તેથી વધારે ખોલ્લી છે. અને ત્રીજી

૭ આંખ અરધી ખોલ્લી છે. અને આએ તરીકાથી કામ કરનારાં આદમી

૮ નીચે જણાવ્યા મુજબ પાંચ તરેહનાં છે. એક સઘળી ખોલ્લી આંખવાળું

૯-૧૦ બીજું વધારે ખોલ્લી આંખવાળું, ત્રીજું અરધી ખોલ્લી આંખવાળું,

૧૧-૧૨ ચોથું ઘણી બંધ થએલી આંખવાળું. અને પાંચમું સઘળી બંધ થએલી આંખવાળું.

૧૩ સઘળી ખોલ્લી આંખવાળું (આદમી), તેનાં અન્તકરણ ઉપર બેહમનનું (યાને ભલા વીચારવાળી ગેબી શકતીનું) રેહઠાણ પુરતું હોવાએ છે. અને (માણસને) દુખી થવું તેનાં અન્તકરણની અંદર અકોમન

૧૪ (યાને ઉલટા વીચારવાળી શકતી)નો વીચાર હોવાથી છે. માણસ—દીનની દાનાઇથી મોહટાઇવાળું, દીનના કલામોના સંબંધથી (યાને દીનને

૧૫ લગતી પુરતી સહમજથી) છે. આએ દરજ્જો ચહડતી અકલ—

૧૬ અગમબુધ્ધી—અને ગેબી વીચારના સબબવાળો છે. (માણસને

અકલની આંખનું વધારે ખોલ્લાપણું, તેનાં અન્તકરણમાંથી અંધકાર અકોમનનો વીચાર તદન દુર કરી પોતાનાં અન્તકરણની ઉપર બેહમનની ઝલુકદાર રોશની રાખવાએ, તથા અકલનાં બળથી દીનની દાનાઇને લગતા
કલામોનો સંબંધ રાખવાએ (યાને અવસ્તા પઢવાએ) છે. આએ મરતબો ૧૭
હયાતીને પીછાણવાનો, ચહડતો દરજ્જો મેળવવાનો, અને આગેવાન કીરતી હાસેલ કરવાનો છે.

(અકલને લગતી) અરધી આંખનું ઉંઘાડું રેહવું, (માણસનાં) ૧૮
અન્તકરણની અંદર બેહમનની ઝાંખી રોશનીમાં (તેની રોશનીનો) વધારો કરયાથી તથા અન્તકરણની અંદર પંથરાએલા અકોમનના સાયાવાળા (અંધકાર) વીચારને વધારે દુર કરવાથી છે.

(માણસ) દીનને લગતી મધ્યમ દાનાઇવાળું, તે દીનના કલામોના ૧૯
સંબંધથી (યાને દીનની દાનાઇવાળા અવસ્તા પઢવાથી) છે. આએ પદવી હયાતીને લગતી દાનાઇ અને ઇમાનને લગતી સહમજથી છે.

(આદમીની) અકલવાળી આંખનું વધારે બંધ થવું, અન્તકરણની ૨૦
ઉપર બેહમનની રોશનીનો પ્રકાશ નબલો હોવાથી અને અકોમનના વીચારનો સાયો અન્તકરણની અંદર વધારે નાખવાથી તથા દીનની
દાનાઇવાળા કલામોનો ઘણોજ થોડો અભ્યાસ કરવાથી છે. આએ ૨૧
પદવી આએ દુનીયાની હયાતીને લગતી જાતને ખોટું ફરમાવવાના સબબને લગતી છે.

(આદમીની) દાનાઇની સઘળી આંખનું બંધ થવું, તેનાં અન્ત- ૨૨
કરણમાંની બેહમનની ઝાંખી રોશની જતી રેહવાથી અને અન્તકરણની અંદર શખતી ઉપજાવનારા અકોમનનો વીર (પુરેપુરો) આલુદે થવાથી તથા
તેની સાથે દીનની દાનાઇના કલામો નહી પઢવાના હોવાથી છે. આએ પદવી ૨૩
તેની હયાતીને હાણી પોંહચાડનારી, ધુળ કરનારી, દુઃખ તથા સખતી ઉપજાવનારી અને નુકશાન પોંહચાડનારી તથા અકલની શોધને બંધ કરનારી છે.

૧ (૩૧૮) **ખલકના પાદશાહો કેવી તરેહના છે, તેને લગતી સહમજ ભલી દીનના ખોલાસા ઊપરથી.**

૨ જાણવું કે, ખલકના પાદશાહો, નીચે જણાવેલી ચાર તરેહના
૩ છે. જેમાં એક સુધરેલો, બીજો ઉમેદવાર, તરીજો ધાસ્તીવાળો અને
૪ ચોથો બેચેનીવાળો કહેવાયછે, તે વીશેની સહમજ. જે સુધરેલો
પાદશાહ છે, તે પોતાની રૈયતને લગતા બુરા વખતની સહમજ ધરાવ-
નારો અને તેની રૈયતનો નાશ થવાની આગમજ તેને લગતા ઉપાયને
સારૂ ફીકર રાખનારો હોયછે.

૫ જે ઉમેદવાર પાદશાહ છે, તે પોતાને લગતાં નુકસાનના વખતની
સહમજ ધરાવનારો છે, અને તે પાદશાહ દાનાઈથી તે હલાકીને લગતા
૬ વખતને સારી હાલતમાં આવવાની ઉમેદ રાખનારો છે. જે પાદશાહ
ધાસ્તીવાળો છે, તે પોતે બુરી બુદ્ધીવાળો છે. અને તે પાદશાહની બુરી
બુદ્ધીથી, તેને લગતા બુરા વખતની ધાસ્તી રાખવાએ તેનો સારો
૭ વખત હોવા છતાં, તે હલાકીને આધીન થાયછે. જે બેચેનીવાળો
(યાને ગભરાતવાળો) પાદશાહ છે, તે પોતે બુરી બુદ્ધીવાળો છે. અને તે
પોતાની હકુમતની અંદર હલાકીને લગતા વખતને પેહેલાંથીજ
(રઈઅતને સારૂ) સુધારનારો નથી.

૧ (૩૧૯) **દાદાર, આએ દુનીઆના લોકોને મીનોઈ દુનીઆના સુધારાને લગતાં કામ કરવા સારૂ પેદા કરનારો છે. અને એબ આપનારો (અંગ્રમઈનીઊશ), આદમીઓને બંધે દુનીઆમાં નુકશાન કરવાનું કામ કરાવનાર વસીલા તરીકે છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, આએ દુનીઆની અંદર દાદારે આદમીઓને પેદા
કીધાંછે, તે મીનોઈ દુનીઆને લગતી જાતને જેબદાર કરવાનાં કામ કરવા
સારૂ છે. વળી તે (આદમી) ની જાતને (આએ દુનીઆમાં) જીંદગી આપવાનો

સબબ માણસની અંદર ઇનસાનીઅતને લગતી દાનાઇ બખ્શવાથી છે.
આત્માને મારેની ઇચ્છા કબુલ રાખવા, (યાને સરંજામ પોંહચાડવા) ૩
સારૂ, આએ દુનીઆને લગતાં બદનનું પાલણ કરવા સાથે અહુરમજદની દાનાઇવાલાં સવાબનાં કામો કરવાં છે. કેમકે તેની હૈયાતીને લગતો વીચાર, બંધે દુનીઆના કારોબારને સારૂ લાએકનો છે.

એબ આપનારો (એહરેમન), લોભની મારફતે માણસની પાસે બેઉ ૪
દુનીઆમાં હાંણી તથા નોકસાંન પોંહચાડનારાં કામ કરાવનારો છે. તે ૫
સબબથી (માણસ) બુરાં મોતવાળું, બુરી બુદ્ધીવાળું, બદકાર, દીનની સમજ વગરનું, લોભી, અપ્રમાણીક ઇચ્છાવાળું અને ઉલટા વિચારવાળું રહેછે. અને તેવાં ઇનસાનો એહરેમનને લગતી જીંદગી મેળવનારાછે. તથા તેઓ પોતાના દેવ અને દરૂજનાં કામોથી આદમીઓને ઘણા નજીશ તથા બુરા દેખાવનાં બનાવનાર છે. કારણકે લોભની ઇચ્છા, આત્માને લગતાં અપ્રમાણીક કામ કરવાથી આદમીને બેહેસ્તના ફાયદાથી બેનસીબ કરનારીછે. જે આદમી મીનોઇ દુનીઆમાં ઇજા પામવાને લગતાં તથા બેઉ જેહાનમાં આત્માને નોકસાન પોંહચાડવાનાં આએ દુનીઆમાં કામ કરનારૂં તથા બદનને લગતી જીંદગી ગુજારનારૂં છે, તે બુરા (અંઘ્રમઇનયુશ) ની ઇચ્છાથી પાપી બનવાને મારેનું છે. તેનું કામ જાણીજોઇને બદકારીને સારૂં દીનનાં જ્ઞાન વગર મારામારી કરવાનું, બુરી બુદ્ધીથી ગુનાહ કરવાનું, સવાબને મારેનો ઢોંગ કરવાનું, અને આવતી દુનીઆને મારે પોતાને સુધારવા તથા રવાનને છુટકારો આપવાનાં બંધે કામથી, પોતાને નકામું કરવાનુંછે. જેથી તેહને મીનોઇ દુની-આમાં પોતાને ઇજા ભોગવવી અને રવાનને હાણી પોંહચાડવી તથા રાહમારૂ ઇચ્છાથી દોજખમાં દુઃખ ભોગવવું છે.

લોભને મારવા સારૂં ધીરજ છે, (કારણકે તે ધીરજ) આત્માને ૬
મારેની જે ઇચ્છા તે આત્માને નીમખહરામ બનાવવાને મારે લુટ કરનારી છે, તેને દાબી નાખનારી છે. બુરા વીચારની શક્તિને (માણસની અંદરથી) હાંકી કાહાડવા સારૂં, ભલા વીચારવાળી શક્તિ છે. તે ભલા વીચારવાળી શક્તિ, નીમખહરામ બનાવનારી બુરા વીચારવાળી શક્તિ જે અહુરમજદની ઇચ્છાની લુટ કરનારી છે, તેને દાબી નાખી (માણસનાં) અંતઃકરણ ઉપર પોતાની જગા કરનારી છે.

૭ જે આદમી જાતે અકલમંદ હોયછે, તે અકલવાળું માણસ બુદ્ધીવાન રવાનને લગતા આત્માની અંદરની ઇચ્છાથી ધીરજની મારફતે લોભને દુર કરનારૂં છે.

૮ (માણસ) ભલા વીચારવાળી શક્તિની હમેશની દોસ્તી રાખવાથી, બુરા વીચારવાળી શક્તિ, જે અંતકરણ અને ઇચ્છાને (માણસની) અંદર (સવાબનાં કામને સારૂં) સુસ્ત કરનારીછે તેને દુર કરનારછે. અને તે(ભલા વીચારવાલી સકતી) અંતકરણ તથા ઇચ્છાની મારફતે આત્માની પ્રમાણીક ખાહેશ મુજબનાં કામો આએ દુનીઆમાં કરાવનાર તથા તેનાં બદનને (નિકીથી) પાલનાર છે.

૯ (માણસે) દીલની અંદર ધીરજ રાખવાથી, તેની ઇચ્છાની અંદર સવાબનાં કામોની સહમજ પેવસ થાયછે. અને તે (આદમી) તેની ઇચ્છા, વીચાર, અને વચનથી આ દુનીઆમાં ધરમને લગતાં કામ કરનારૂં થાયછે. અને તે આએ દુનીઆમાં બદનની પરવરશીની તથા દીનની દાનાઇવાળાં સવાબનાં કામો કરવાની ઉલટ લીએછે. આવતી દુનીઆને સારૂ પોતાને જોબદાર બનાવવાને મારેનાં કામ કરેછે—અને (પોતાનાં) રવાનને સુખી હાલતમાં લાવવા સારૂ તેને લગતા અવસ્તાના ભાગો પઢેછે. અને તેથી દોજખથી છુટકારો મેલવેછે અને ખુશી રહેછે.

૧૦ વળી આત્માને લગતી ઇચ્છાની અંદર, સુસ્તી–સહમજ વગરની કેળવણી—આલસાઇ—અને ચોરીની બુરી સહમજ, રાહજણો (દેવદરૂજો)-ની તરફથી હોય તેને માણસે હાંકી કાઢવી. માણસ તેને લગતા લોભથી બદકાર બનેલુંછે. અને તે જાલમ લોભવાળી આલમને લગતી ઇચ્છાથી, માણસ અપ્રમાણીક ફરેહબુતના જેવું થાયછે. તથા બુરી બુદ્ધીના જોસ્સાથી, બદકારીવાળાં—દીનની સહમજ વગરનાં પાપી માણસ તરીકેનું બનેછે. અને બુરી બુદ્ધીથી મારામારી કરનારૂં અને દુઃખકારક ખવાસનું થાએછે. જ્યારે માણસની અંદર દુઃખની ઇચ્છા પેવસ થાયછે, ત્યારે તે બુરી ઇચ્છાથી પાપ કરીને ગુનેહગાર થાયછે. અને આએ દુનીઆમાં તે માણસ અપ્રમાણીક અને એબવંતું બનેછે. માણસ મીનોઇ દુનીઆનો પોતાને સીનગાર આપવા સારૂ, દીન ઉપર ધ્યાન આપવાય છે. અને તેથી પોતાનાં રવાન તથા બદન એ બેહુને ઇજા, ગમ અને નુકસાનથી દુર રાખનારૂં છે.

(૯૦૦) દાનાઈ અને બુરી બુદ્ધીની સહમજ—તેને લગતો સીનગાર—તેનું મુળ તથા બખ્શેશ—કબુલાત—સુધારો અને વધારો તથા દાનાઈને લગતી મોટાઈ અને બુરી બુદ્ધીને લગતાં ઊજડપણાં વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, દાનાઈને લગતી સમજ, જે કોઈ તેના આત્માની ૨
પક્ષવાળો હોયછે, અને તે આત્માને લગતી આંખને (યાને અંદરખાનેની ગેબી અકલને) બદનને લગતી વસ્તુઓને ચોકસાઈથી જોવા સારૂં ખોલ્લી રાખનારો છે તેમાંછે.

દાનાઈને લગતો સનગાર—દાનાઈવાળું માણસ જે પ્રમાણે ૩
પોતાની ઇચ્છા ઉપર દીનનો સુધારો કરનારી—તથા આદમીઓની અંદર સારા ગુણો—સવાબ—પરહેજગારી અને નેકનામીનો વધારો કરનારી હકુમત ચલાવેછે તેથી છે. અને દુનીઆની અશોઇનો વધારો કરનાર વસીલા તરીકે હોવાથી છે.

દાનાઇનું મુળ—દાદારની જાતી દાનાઇ છે. અને દાનાઇની પોતાની ૪
પેદાએશોની અંદર બખ્શેસ કરનાર, દાદાર પોતેછે. દાદાર પેદાએશને પોતાની ૫
તરીકે કબુલ રાખનાર, તે (પેદાએશ) ની અંદર તેની પોતાની કઉઅત
હોવાએછે. તે (પેદાએશ) ને ભલો બેહમન (યાને નેક વીચારવાળી ગેબી ૬
શકતી) મીનોઇ દુનીઆને માટે સુધારનાર તથા અગમચેતી આપનારછે.
વળી દાનાઇનો (દુનીઆમાં) દરેક ઠેકાણે એવી રીતે ફેલાવો થાયછે. કે ૭
જે કોઇ ધરમી દાનાઇવાળો હોયછે, તે આએ દાનાઇને લગતી સમજથી
પોતાને ચઢતે દરજ્જેનો બનાવેછે. વળી દાદારની અસલ જાતની ૮
મારફતે રોશન ચીજોની અંદર કેટલેક દરજ્જેની સમજ, રોશનીવાળા (યજદો) થી રીહેછે. જે આદમી સચાઇવાળું હોયછે, તે તેને લગતી કેટલીએક સાચા લોકોની સમજથી, સરવેથી ચઢતે દરજ્જેની જાતવાળું બનેછે. એજ પ્રમાણે માંણસને સખાવત, સેહનશક્તિ અને બીજા ભલા ગુણવાળું બનવું છે.

વળી બુરી બુદ્ધીને લગતી સમજ, જે કોઇ પોતાના આત્માની ૯
પક્ષવાળો હોયછે, તે તેના આત્માને લગતી આંખની નજરને આત્માને વાસ્તેની વસ્તુઓને જોવાથી બંધ કરનારો છે તેથી છે. જે પ્રમાણે

અંધારાને લગતી સમજને જે કોઇ તેની હયાતીને લગતી પક્ષવાળો હોયછે, તે (જેમ) તેની બદનને લગતી આંખને તનને લગતી નજરે (ચીજોને) જોવાથી બંધ કરનાર છે તેમ.

૧૦ બુરી બુદ્ધીને લગતો સનગાર, બુરી બુદ્ધીવાળું ઇનસાન પોતાની ઇચ્છા અને અંતકરણ ઉપર જે પ્રમાણે માણસની અંદર બદી, દુરગુણો, પાપ, અપવીતરાઇ અને બદનામી ઉતપન કરનારી સતા ધરાવનારી વસ્તુ તથા દુનીઆની નેકીને હાંણી પોંહચાડનારો વસીલો હોવાથી છે.

૧૧ બુરી બુદ્ધીનું મુળ, પેલી બુરી બુદ્ધીવાળા (અંધ્રમઇન્યુશ) ની જાત છે. બુરી બુદ્ધીવાળો (અંધ્રમઇન્યુશ) દાદારની પેદાએશમાં ભેલાવાની નજર રાખનારો છે. જે આદમીની અંદર તે (અંધ્રમઇન્યુશ) ની બુરી બુદ્ધી છે, તે આદમી (પોતાના) આત્માની સમજની આડે આવનારા સબબ તરીકે છે. અને તે આદમી પોતાની ઇચ્છા ઉપર બુરી બુદ્ધીથી કંગાલીઅતભરેલી હકુમત ચલાવનારૂં છે. તે આદમી પોતાને સુધારનારૂં તથા વધારનારૂં તેની અંદરની બુરા મનવાળી ગેબી બુરી શક્તિથી છે. અને તે (બુરી બુદ્ધીવાળા) થી દરેક ઠેકાણે દુઃખ એવી રીતે ફેલાએછે, કે તેની બુરી બુદ્ધીના દુરગુણોથી (લોકો) નજીસ બનેછે. અને તેને લીધે માણસ દેવદરૂજની માફક આ દુનીઆમી હીલચાલ કરેછે.

૧૨ જે ધરમગુરૂઓ ડહાપણ વગરની બુરી બુદ્ધીથી આદમીઓનાં અંદર દાદારના વસીલા તરીકેનું કામ કરનારા છે, તેઓનો ધરમ દેખાવમાં દાદારની દાનાઇવાળા ધરમને લગતો છે. પણ બુરી બુદ્ધીને લીધે તે (ધરમ) દુનીઆની અંદર માણસનો ઘટાડો કરનારો, નાશ કરનારો અને તેઓની ખરાબી કરનારો છે. અને તે (ધરમગુરૂ) પેલા બુરી બુદ્ધીવાળા (એહરેમન) નું કામ કરવા સારૂ આદમીઓની અંદર વસીલા તરીકે છે. તથા આદમીઓને અને દુનીઆને નુકસાન કરનારો છે. જે (ધરમ) બુરી બુદ્ધીને લીધે આદમીઓને તથા દુનીઆના લોકોને ઘણાં કંગાલ બનાવનારો અને બેહુ દુનિઆમાં દુઃખ ખમનારાં કરનારો છે. જેને લીધે જે કોઇ દાનાઇવાલો છે, તે બુરી બુદ્ધીને મેલવનારો નથી. પણ દાનાઇથી આદમીઓની અંદર કામ કરવા એ, આદમીઓને આબાદ હાલતવાલાં કરનારો તથા તેઓનો આભાર મેલવનારો થાયછે.

તેઓમાંથી (યાને ઉપર જણાવેલા ધરમગુરૂઓમાંથી), જેઓ કહેછે ૧૩
કે, આદમીની અંદર ગ્નાન પેલા બુરી બુદ્ધીવાળાની તરફથી અપાયલું છે. અને તેનીથી આદમી બનેલું છે. તો જે યજદાંને લગતું આદમી છે, તેની અંદર બુરી બુદ્ધી કેમ રહી શકે. તેમજ બુરી દીનના સખુન યજદાંની દાનાઇવાળા કેમ થઇ શકે! જયારે આદમીના કરવાથી તેની અંદરનો આત્મા થઇ શકતો નથી, ત્યારે વગર જાનવાળું બદન યજદાંની તરફથી કેમ કરાઇ શકે? અને તે વાજબી કેમ કહેવાય?

જે કોઇ, આ તરીકાને મારે પેદા થયલું હોય, તો તે આદમીને ૧૪
લાયકનું નહી હોય. દરૂજની સહમજવાળું આદમી યજદાંને લગતું કામ કરવાને કેમ શકિતવાન થાય? નહી જોઇ શકનારૂં આંધરૂં માણસ છુટકારો મેલવવા મારેનું કેમ કહેવાય? જો તે નહી જોઇ શકનારૂં આંધરૂં માણસ, તેને લગતાં કામો કરવાથી યજદોનું સાથી કહેવાતું હોય તો, પેલો બુરી બુદ્ધીના સબબવાળો (અંગ્રમઇન્યુશ) યજદોના જેવો ચઢતા દરજાનું જોનારો ગણાય. અને વગર દીનના કામોવાળા સાથીઓથી જોવાને લગતી આંખ હોવી જોઇએ. જે ઉપરથી દેખઇતું છે કે જોવાની આંખ આ બંધે શકતીના સબબવાળાં કામોથી એટલેજે માણસની અંદરની દાનાઇ અને બુરી બુદ્ધીથી છે.

આદમીની અંદરની બુરી બુદ્ધીના વસીલાથી કરાયલું કામ ૧૫
યજદાંની તરફથી જણાયલું નથી. આદમીની અંદરની એ પ્રમાણેની (બુરી બુદ્ધી) થી થાએલું કામ આત્માને લગતું નથી. તેનો સબબ એ કે આત્માને લગતું કામ માણસની અંદરની યજદાંને લગતી
દાનાઇવાળી કૌવતના વસીલાથી છે. ધરમી કામ પવિત્રાઇ અને ૧૬
નીતીથી બનેછે, તે એબને બતલાવનારી બુરી બુદ્ધીથી જણાયલું નથી. કારણકે જેમ માણસની અંદરની દાનાઇવાળો વસીલો, તેનાં મુળને લગતું જે કામ કરવાનું છે, તે શક્તિને લગતું કરનારો છે. તેજ પ્રમાણે માણસને એબીઅલ કરનારી શક્તિનું મુળ, આદમીની અંદરની બુરી બુદ્ધીની શકિત ધરાવનારા વસીલાથી છે. માણસની અંદર જે દાનાઇનો પ્રતાપ આપનારો ઉપરી (યજદ) છે, તે દરેક ઠેકાણે તેને માજદયસની દીનને લગતી સહમજ આપેછે. કે જે દાનાઇવાળા સ્પેનામીનોની
તરફની જાતી બુદ્ધી છે. અને આદમીની અંદર જે બુરી બુદ્ધીનો ૧૭

લોભ આપનારી શક્તિ છે, તે દરેક ઠેકાણે દેવની દીનને લગતી સહમજ આપેછે. જેની બુરી બુદ્ધી બુરી બુદ્ધીવાળા અંધમઇન્યુશને લગતી છે.

૧૮ એજ સબબથી ગેબી વરધીના કરનાર દાદારની પક્ષવાળાં આદમીઓ સવાબનો વીચાર રાખેછે, સવાબને માટેનું બોલેછે, અને સવાબના કામો કરેછે. અને (ખોદાતાલાનો) આભાર માનેછે. અને તેને આબાદ હાલતમાં રાખનારો ઉપરી ખોદા તેનાં તે કામોનો નેક બદલો તેને આપનારો છે.

૧૯ જે આદમીઓ પાપનો વીચાર રાખેછે, પાપી વચન બોલેછે અને પાપી કામ કરેછે, તે ખોદાનો આભાર માનનારાં નથી; તેઓ તે તનને લગતાં (બુરાં) કામ કરવાથી, સજાને લગતાં થાયછે. અને તેથી તેઓ વગર મુળવાળાં (યાને પોતાના પેદા કરનારથી જુદા પડેલાં) ઠરેછે.

વળી પેલા ધરમગુરૂઓનું કેહવું છે કે, આદમીઓની અંદર તે બુરી બુદ્ધીવાળા વસીલાની કઉઅતને ખોદાએતાલાએ કરેલીછે. ત્યારે ખોદાએતાલાએ, જે ગુનેહગાર માણસો પાપને વીચારેછે, બોલેછે અને પાપ કરેછે, તેઓને તેને માટેની સજા કરવા તથા દુ:ખ દેવા અને કંગાલ બનાવવા સારૂ કેમ કહેલુંછે? વળી અહુરમજદને લગતો સવાબ કરનારાં આદમીને તે આદમી સવાબ કરેછે તેથી ખોદાનો આભાર માનનારી દાનાઇવાળો તથા તેને આબાદ રાખનારા ઉપરી યજદોની તરફથી તેને ચહડતે દરજ્જેનો બદલો આપવાનું શા વાસ્તે ફરમાવેલુંછે?

૧ (૯૧) જે આદમી દરૂજને લગતું છે, તેની હીલચાલ તેને લગતી હોયછે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, દરૂજ (યાને દુરગુણી શક્તિ), પોતાના સંબંધવાળાં આદમીને પોતાને લગતી કુશેશ કરનારૂં બનાવેછે. આદમીનું રવાન ચલકાટવાળું છે. અને તે રવાનનો પોશાક (તેનું) શક્તિવાન બદન છે. ગોસ્પંદ અને આએ દુનીઆંને લગતી બીજી પેદાએશની હયાતીનું બનવું માણસની માફકનું નથી. (માણસની અંદરની) બુરી શક્તિ

(યાને યજદ), તે દરૂજના સંબંધથી માણસને જુદું રાખવાના વીસીલા તરીકે છે. કારણકે પેલા (દરૂજ) ને લગતો શોક રાખનારાં આદમીને તે (દુરગુણી) થી એબવાળું બનવું છે. નુરમંદ (યાને યજદી) શક્તિ, આદમીને વગર હયાતીનું બનાવનારી શકિત, એકદમ તેની ઉપર નહી પોંહચે, તેટલાંમાં તેને દાબી નાખેછે. જેથી તે (વગર હયાતીનું બનાવનાર) ની કોઇ (ઇજા) તે (માણસ) ને થઇ શકતી નથી. અને તેથી કોઇબી (દુરગુણી શક્તિ), તે (આદમી) ને હયાતીમાં મોતની હાલત આપી શકતી નથી; એજ તેને માટેની સારી અને કબુલ રાખવા જોગ સાક્ષી છે. વળી પેલા સખ્તી પોંહચાડનારા (દરૂજ) ની સખ્તી ઉપજાવનારી કઉઅતની હીલચાલને, માણસની અંદરથી દૂર કરવાને માટે, ખોરેહવાળા યજદો શકતીવાળા છે. તેને લીધે આતમાને પોતાને બીમાર થવું નથી—તથા (દરૂજના) બંધ વગર (યાને ગુનાહની કસુર વગર આતમાને દોજખમાં) કેદ થાવું નથી. સઘળાં આદમીઓના આતમાને હમેસની હયાતીવાળાં રેહવું, યજદોની જાતથી છે. તેમજ (દરૂજને આદમીની અંદરથી) જુદો કરવાના સંબંધવાળી યજદી શકતી આદમીની અંદર હોવાથી, તેને હલાક થવું નથી—બલકે તે યજદો, બંધે દુનીયાંનાં સંકટથી માણસને સુધારનારા અને (સંકટની તરફ) તેને નહી જવા દેનારા છે. અને તેઓની હમેશની સંગતથી, માણસ પોતાનો સંબંધ, પેદા કરનારનાં મુળ (સ્પેનામીનો) ની સાથનો રાખેછે. (યજદોથી) સુધરેલું માણસ, ચહડતે દરજેનો ઉપાએ કરનારૂં તથા તેને માટેનો મરતબો મેલવનારૂં અને તેની અંદરના દરૂજને લગતી વગર ફાએદાની હીલચાલથી પોતાને જાલવનારૂં તથા કંગાલીઅત અને બેહુંદાપણાં વગરની હીલચાલ કરવાથી રોશનીવાળી (યાને યજદી) મરદાનગીથી દરૂજને હાંકી કાહડનારૂં થાએછે. માણસ દરૂજથી છુટકારો મેલવવાએ, પોતાને પેલી દુનીઆંમાં ચહડતે દરજેનાં સુખવાળાં મકાંનમો ઘણી મજાહથી રાખનારૂં છે.

જે કોઇ પોતાના ફાએદાને સારૂં, દરૂજની કંગાલીઅતથી તથા ૩
તેને લગતી બેહુંદી મેહનતની હીલચાલથી અને તે દરૂજના સંબંધથી પોતાને સાચવેલો રાખેછે, તે પોતાથી દરૂજને હાંકી કાહડેછે. અને દરૂજની કઉઅતવાળી હીલચાલ કરવાથી માણસને નીચાં અને દુઃખભરેલાં દરૂજનાં મકાનમાં બંદીવાન તરીકે રેહેવું છે. ભલી દીનની અંદરે જણાવેલું છે કે, ફ્રશકેરેતિ (યાને છેલ્લા સુધારાના વખત) સુધી, (માણસને) પેલાં દોજખના દરૂજ (અંગ્રમઇનીઉશ) થી ખોટે રસ્તે ઉતરવું છે. અને તે

ફ્રશકેરેતીના વખ્ત ઉપર, એબ આપનાર (એહરેમન) ને (દુનીઆંનાં લોકોમાંથી) હાંકી કાહડવામાં આવશે. તથા (તે વેળા) ખલકનાં લોકોને દાદારની કઉઅતવાળા ધરમી પ્રતાપનું મેલવવું છે. જે વેળા દોજખથી છુટકારો મેળવનારાઓને (અશો લોકોથી) મોટાઇનું મલવું છે. તથા કેદીઓનો દોજખથી છુટકારો થવો છે. આતમાની જે શકતીઓ (આએ દુનીઆંનાં બદનથી જુદી પડેલીછે, તે (રીસ્તાખેજના વખતમાં) યજદોની મદદથી કાએમ રેહનારી છે. અને તેની જુદાગીનું પાછું એક થવું છે. (એટલેજે રવાનની સાથે જીવ—બોધ—અખો અને ફરોહરને પાછું જોડાઇને મીનોઇ જેહાંનમાં જવુંછે.) અને (તે વેળા) નુરી રવાનને તેને લગતાં બદનનો શકતીવાળો પોશાક (યાને યજદી કઉઅત ધરાવનારૂં બદન) આપ્યામાં આવશે. તથા તે વેળા દરએક જણને પુરતી ખુશી સાથે આરામ અને બુજોરગીથી રેહવું છે.

1 (૬૦૨) સ્પેનામીનોની તરફથી તેને લગતી કઊઅતની સહમજ, બે તરેહની બુદ્ધિથી અપાએ છે. તે વીશે ભલી દીનને લગતો ખુલાસો.

૨ જાણવું કે, સ્પેનામીનોની તરફથી (માણસને) ખોદાઇ બુદ્ધિવાળી શકતીની સહમજ, બે તરેહથી અપાએ છે; તેમાં એક અગમબુદ્ધિની
3 અને બીજી ચહડતો દરજો મેળવવાની સહમજ છે. જે અગમબુદ્ધિને લગતી સહમજ છે, તે પુરતી કુશેશથી એબ આપનાર દરૂજને હાંકી કાહડવા સારૂં, ખલકને સેવટની ફતેહ મેળવવાને લગતી તથા તનપસીનને વખતે સઘળી પેદાએશને હમેશની નેકીથી સુધારવાની છે. અને જે ચહડતો દરજ્જો મેળવવાને લગતી સહમજેછે, તે છેલ્લા સુધારાને માટેની કઉવતનો વધારો કરવા સારૂ લોકોનો વધારો દુનીઆમાં ચાલુ રાખવાને લગતી છે.*

* જરતોશતી ટોળામાં દીનનાં ફરમાંન મુજબ ઓરત અને મરદનું જોડું શાદીને લગતા દીનના તરીકાથી ૧૫ વરસની ઉમરે બનાવવાનુંછે, તે ફરમાંન મુજબ જરતોશતીઓનો મોહટો ભાગ હાલમાં બેદરકારીથી ચાલેછે. અને ઊપલાં ફરમાન મુજબની ઊમરે શાદી કરતા નથી. અને ઓરતની તરફથી પઇસા મેળવવાના લોભમાં પોતાની જીનદગી ખરાબ કરેછે, તેઓ ખોદાના તકસીરવાર થાયછે. અને પોતાની આએ દુનીઆંની ઓળાદનો વધારો નહી કરવાથી તેઓ ફ્રશેકેરીતીના સુખ અને દરજજા વગરનાછે.

જે ધરમગુરૂઓનો ધરમ, આએ દુનીઆનાં લોકોને એક બીજા સાથે મારામારી કરાવવાને લગતો તથા લોકોને કંગાલ—બીમાર અને હમેશની ઇજાવાળા બનાવવાનો તથા સઘળા લોકોને હમેશનાં દોજખી કરવાનો છે, તે (મજહબ) ઘણાંએક માણસોને (દોજખના) બંદીવાન કરવાને માટેનો તથા તે મજહબ દુનીઆનો નાશ કરવાને લગતો છે. કારણકે તેઓ જેને ધરમ તરીકે ગણેછે, તે અગમબુધ્ધિ તથા ચહડતે દરજ્જેની બુધ્ધિની સહમજ આપ્યા વગરનો છે. એટલુંજ નહી પણ તે, (દુનીઆનાં) લોકોનો ઘટાડો કરવાની બુરી સહમજ આપવાને માટેનો છે. જે ભલો ધરમ કહેવાએછે, તે હમેશની ભલાઇવાળો અને દેવની સઘળી બદી વગરનો છે. અને તેજ ચહડતે દરજ્જેનો (ધરમ) કેહેવાએછે. ૪

(૭૦૩) રોશનીવાળી તથા અંધારાવાળી વસ્તુને (એકથી બીજીને) જવા વગર એકદમ પોહચવું નથી· તથા આએ દુનીઆમાં એ કે બીજા સાથે ભેલાવું નથી· અને એક બીજાની સાથે પોતાને પ્રકાશવું નથી· તે વીશે ભલી દીનને લગતો ખોલાસો· ૧

જાણવું કે, રોશનીવાળી તથા અંધારાંવાળી વસ્તુને, (એકથી બીજીને) દુર થવું છે. અને એક બીજાની સાથે ભેલાવું નથી. તથા આએ દુનીઆંની વસ્તુનું જણાવું, તેજ આપનારી નુરી વસ્તુ (યાને રોશની આપનારી ચીજો ખોરશેદ—ચંદ્ર—અને આતશ) ની મારફતે છે. આતશની રોશની એકદમ નીકળવાએ, તે (આતશ)ની અંદર ધુમારાનું ભેલાવું નથી. ધુમારો જે છે, તે એબ આપનારા (એહેરેમનની તરફના) આતશની (યાને દોજખના આશાતની) રોશનીને સારૂં છે. અને તેને આતશની રોશનીનું કારણ જણાવેલુંછે. વલી આતશ બહેશત અને દોજખની નીશાન તરીકે છે. તેની પોતાની જે રોશની સારા દેખાવવાલી, બામદાદને લગતી, પેદાએશ ને ઉધરભાવ આપનારી અને ખુશી બખશનારી તથા ગરમીવાલી છે, તે બેહશતને લગતી છે. અને દોજખ કે જેની અંદર બુરી—સજાના કાએદાવાલી જાતને ઘટાડનારો કરનારી તથા દુઃખ આપનારી બદબોએ ધુમારા સાથની રોશનીવાલો આતશ છે, તે એબ આપનારા એહરેમનને ૨

લગતો આતશ છે, જેની ગરમી ગુનેહગારોને બારનારી, નોકસાન કરનારી અને હાણી પોહચાડનારી છે, તે દોજખને લગતી છે.

૩ જે ધરમગુરૂઓ પોતે દેવાનગીથી, જે દોજખનો આતશ કેહેવાએછે, તેને બેહશતને લગતી રોશની જે પેદાએશને ચહડતે દરજેની બનાવનાર, ખુશનોમાં ચલકાટ આપનાર, (પેદાએશનો) વધારો કરનાર અને ખુશી બખ્શનારછે, તેની સાથે સરખાવે છે. અને તેને લગતી વીગત દોજખને લગતા આતશની ગરમીને સારૂ આપેછે; પણ બેહશતને લગતુ જ્ઞાન પેલાં દોજખને કેમ લાગુ પડે ?

૧ (૬૦૬) યજદો અને દેવોની માફકનાં (આદમી)ઓ વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, ગણતરી અને ધારણાની અંદર, જે આદમીઓ યજદ અને દેવની માફકનાં જાણવામાં આવેલાંછે. તેમાં બુરી દીનવાલા ધરમ-ગુરૂઓથી વેગલા, અથોરનાનો; બુરી દીનવાળા પાદશાહ અને પેહલ-વાનોથી વેગળા, અર્થેશતારો, બખીલ કુનબીઓથી એહલાએદા, જરતોસ્તી ખેડુતો, અને બદકારીથી એહલાએદા, ભલા પેશેવરો, યજદોનું કામ કરનારાછો

૩ બુરા ધરમગુરૂઓથી નજીસ બનેલા પાપી અથોરનાનો—બુર. પાદશાહ પેહલવાનોથી નજીસ બનેલા પાપી પાદશાહ પેહલવાનો—બખીલ ખેડુતોથી નજીસ બનેલા પાપી વાસ્ત્રીયુશો અને બદકારીથી નજીસ બનેલા પાપી પેશેવરો, દેવનું કામ કરનારા છે.

૪ ગણતરીની અંદર નેક સાયાવાળો (યાને યજદાંથી પ્રતાપ મેલવેલો) હાકમ—સાચો નીઆધીસ—પરહેજગાર—નેક સખાવત કરનાર—દીનની ઉપર નજર રાખનાર—સંતોષી—પેદાએશની અંદર સખાવતથી માન ભોગવનાર અને નાપાકોને ધીકારનારો છે.

૫ આબાદ દોલતવાળો શખ્સ, ખોદાના તાબેદાર વીચારવાળો અને તેજ પરમાણેની બીજી ચાલથી પોતાને ચલાવનારો તથા જે કોઇ સંકટમાં હોય તેને સખાવત કરનારો, વીચાર શકતી ઉપર દબાણ હોવા છતાં સાચું બોલનારો—અને હકુમતના વખતની અંદર ખોદાનો આભાર માનનારો છે.

વેર રાખનારો નીઆધીસ, ખોટો ચુકાદો કરનાર—દોલતમંદ હોવા ૬
છતાં કંગાલ અને વગર સંતોષવાળો—ઘણા બુરા બખીલોને શકતીવાન કરનારો—અને લોભ વગરના માણસને ધીકારનારો—તથા જે કોઇ દોલતમંદ તથા તેવીજ હાલતના વગર દીનવાળા હોએ, તેઓને દોલતની અંદર વધારનારો—અને જે કોઇ ચુગલી કરવામાં ખુશીના વીચારવાળા તથા હકુમતની અંદર વેર રાખીને ઇજા દેનારા હોએ, તેઓ દેવ તથા દરૂજની મીસાલનાં આદમીઓ છે.

જે આદમીઓની અંદર દેવનું મુતલક ભેલાણ નથી, તેઓ ૭
ખાલેસ યજદોની માફકના પવીત્ર છે. બલકે યજદોની કેટલીએક દાનાઇ તથા સારા ગુણવાળા છે. વળી જે આદમીઓ કેટલીએક બુરી બુધ્ધિ તથા બીજા દુરગુણોવાળાં છે, તેઓ દેવની માફકના છે.

જે ધરમગુરૂઓ દેવનાં મુલને મલતા છે, તેઓનો ધરમ તેજ બુરી ૮
બુધ્ધિવાળાં મુલને લગતો કેહવાએછે. તેથી ખચીત, તે ધરમવાળા, તેઓની બુરી બુધ્ધિને લીધે દેવની માફકના કેહવાએછે.

(૯૦) આદમીને ચહડતે દરજેની દાનાઈ તથા સહમજ મલવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, આદમીને દાનાઇ તથા સહમજનું મલવું, નીચે જણા- ૨
વેલી ચેઆર તરેહથી છે. એક આતમાને લગતી બુધ્ધિવાળાં માણસને ૩
પ્રતાપી થવું, પેદાના કરનાર દાદારથી છે. બીજું—દીનના કલામોની ૪
સહમજનો વધારો કરનાર આદમી, આતમાને લગતી બુધ્ધિથીછે. ત્રીજું— ૫
આતમાને લગતી અકલના કલામોથી, (એટલેજે દીનના કલામોની સહમજથી બંદગી કરવાએ), ઓલાદની સગાઇ (દીનની સાથે) ધરાવનારાઓને કીરતીછે.
ચોથું—આએ તરણે વસ્તુઓને મદદ કરનાર તથા તેઓને ખોરાક આપ- ૬
નાર, માણસનાં અંતકરણ ઉપર રેહઠાણ રાખનારો બેહમન અમસાસ્પંદ
(યાને ખોદાઇગણી આંણશકતી) છે. જેનામાં આતમાને લગતી દાનાઇછે, તે ૭
અહુરમજદની સહમજ (લોકોને) સારી રીતે આપનારો અને ભલી દીનની સહમજથી, આતમાને લગતી સરવેથી સરસ અકલનો વધારો કરનારો છે.

૮ આતમાને લગતી અકલના કલામોથી, (એટલેજે દીનના કલામોની
સહમજથી બંદગી કરવાએ), તેઓનાં અંન્તકરણ ઉપર ભલા વીચારવાલી
ઓલાદને જાલવવાની શકતી રેહવાથી, તેઓને તરેહવાર રીતની સરદારી
મલેછે. અને તેથી તેઓમાં ગેબી દરૂજને (પોતાની) અંદરથી હાંકી
કાહડવાની સહમજનો વીચાર જોડાએલો રેહછે. તથા તેવો તે પોતાની
અંદરની ચહડતે દરજેની દાનાઇ તથા સહમજથી, બેહુ દુનીઆની બુજોરગ
નેકીને પોતાની કરવાથી, સરદારોની અંદર માન ભોગવેછે.

૧ (૬૦૫) જુદી જુદી તરેહના પાદશાહો વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, જુદા જુદા વખતની રીતભાતવાલા પાદશાહો, નીચે
જણાવેલી ૮ તરેહના છે. એમાં ચાર વખાણ કરવા લાએકની અને
ચાર બદગોઇ કરવા લાએકની પદવીવાલા છે.

૩ વખાણવાજોગ ચાર પદવીવાલા પાદશાહોમાં એક અગમ-
બુધ્ધિવાલો; બીજો સઘલા લોકોનો સંભાલ કરનારો; તરીજો ઘણો સંભાલ
૪ કરનારો અને ચોથો આતમાની જાળવણી કરનારો (પાદશાહ) છે. જે
પાદશાહ પોતે અગમબુધ્ધિવાલો છે, તે દાનાઇવાલા (અહુરમજદ) ની
૫ શકતીવાલો અને વખતને પીછાણનારો છે. (જે પાદશાહ) સઘલાઓનો સં-
ભાલ કરનારો છે, તે (પોતાની) ગોસસાને લગતી શકતીને મારવાએ, પોતાની
હકુમતને બલવાન કરનારો છે. અને તે(વા ગુણ) થી તે પાદશાહ પોતાની રયત-
ની હયાતીનો નાશ કરનારી તથા તેને ખરાબ કરનારી જે વસ્તુઓ છે,
૬ તેને સુધારનારો છે. જે પાદશાહ આતમાને લગતી શકતીઓથી વાકેફગાર
છે, તે હલાકીના વખતમાં (પોતાની રયતનો) ઘણો સંભાળ કરનારો
છે. વળી તે પાદશાહ આતમાને લગતી તે દુરઅંદેશી સાથે, જે કાંઇ
દાણાઇને લગતી શકતીઓ છે, તેની મદદથી હકુમતને પાએદાર રાખનારો
૭ છે. અને તેની રઇઅત તેથી ઉલટભરેલી રેહછે. જે પાદશાહ તેના આતમાને
લગતી દાનાઇથી, તેને લગતી દાનાઇ ધરાવનારા લોકોની શકતીઓને

ઉલટમંદ રાખનારો છે, તે તેને માટેની હલાકીને, નેકીના વખતની અંદર ફેરવનારો તથા તેની હકુમતમાં પુરતો સુધારો કરનારો છે.

જે પાદશાહ પોતે દુરઅંદેશ હોએછે, તે બુરી બુધ્ધિવાલા કમ-અકલોનો નીચ વખતમાં સઘલી રીતે બચાવ કરનારો છે. તથા જેબી મદદથી તેઓને લગતો વખત નેકીની અંદર ફેરવાઇ શકતો હોએ, તેવી પોતાની દુરઅંદેશીથી (તેઓનો) તે સંભાલ કરેછે. અને તે પાદ-શાહની હકુમતથી તેની રયત મોટી ઉમેદ રાખનારી (યાને ચહડતે દરજેની જીનદગી ગુજારનારી) છે. ૮

વલી જે પાદશાહ તેને માટેની નેકીના વખતથી તથા આતમાને લગતી દુરઅંદેશીથી ચહડતે દરજ્જેના ઉલટવાલો રેહેછે, તેની સહમજ શકતીને દાનાઇ તથા હકુમતને લગતા પુરતા સુધારાથી કાયમ રેહવુંછે. ૯

જે પાદશાહ આતમાને લગતી દુરઅંદેશીવાલો છે, તે બુરી બુધ્ધિ-વાલી મન શકતીઓથી તથા હલાકીવાળા વખતથી આતમાનો સંભાલ કરનારો છે. અને તેને લીધે તે પાદશાહ અગમબુધ્ધિનો ખેતાબ ધારણ કરનારોછે. તથા તેની ઉલટવાન રઇઅતની મદદથી તેનું રાજ કાએમ રેહનારૂં છે. જે પાદશાહ પોતાની રયતને માટેનાં સુખનો ઉમેદવાર છે, તે પોતાની અગમબુધ્ધિથી તેની શકતીઓને ડાહપણની અંદર તથા વખતને નેકીની અંદર અને હકુમતને પુરતા સુધારાની અંદર ફેરવનારો છે. ૧૦ ૧૧

ચાર (તરેહના પાદશાહો) રયતની સંભાળ કરવાની ગીબત અને ૧૨
નાલેસીને લાએકનાછે. જેમાં એક (રયતનો) સંભાળ નહી કરનારો અને ૧૩
તેને વારેઘડીએ નોકસાન કરનારો (પાદશાહ) છે. બીજો—સંભાળ કરવામાં ૧૪
નબલો અને થોડું નોકસાન કરનારોછે. તરીજો—વગર એકીનવાળો અને ૧૫
વારેઘડીએ રયતને દુઃખ કરનારોછે. અને ચોથો—આતમાને સંભાળ કર- ૧૬
વાથી છોડી દેનારો અને તેને નોકસાન કરનારોછે.

એમાં, જે પાદશાહ આતમાને લગતી અગમબુધ્ધિ વગરનો છે, તે બુરી બુધ્ધીની શકતીવાળો—નોકસાનવાળા વખતમાં રયતનો નહી સંભાળ કરનારો—અને પોતાનાં રાજને જલદીથી હાણી પોંહચાડનારો છે. તથા તેની પક્ષનું જલદીથી ખરાબ થવું છે. ૧૭

જે પાદશાહ બીહકન હોએછે, તેની રયત ધાસ્તીભરેલી રહેછે. ૧૮
આતમાને લગતી વગર દુરઅંદેશીથી, તેની શકતીઓ બુરી બુધ્ધિવાળી

બનેછે. અને તેનો વખત હલાકીને લગતો હોએછે. તથા તેનું રાન વગર આરામને લીધે જલદીથી હાંણી પોંહચવા જોગ બનેછે.

૧૯ જે પાદશાહ આતમાને લગતી અગમબુધ્ધિ વગરનો હોએ, પણ તેની મનશકતીઓ ડાહપણવાળી હોએ, તો તે હલાકીના વખતમાં નબલા લોકોની બનતી પાસબાની કરનારો છે. જે (પાદશાહ) તેની રયતનો સંભાળ કરવામાં નબલો હોએછે, તેની હકુમત તેની દાનાઇવાળી શકતીઓથી નોકસાન કરવામાં મધ્યમ જોરવાળી છે. તથા તે પાદશાહ તેના આતમાને લગતા તેમજ હલાકીને લગતા વખતને મારેની પછમબુધ્ધિને લીધે પોતાની રયતનો ઘણોજ ડર રાખનારો છે. મારે તે પાદશાહે તેને લગતી અગમબુધ્ધિ વગરની સહમજને—તથા તેને લગતા ઘણા ધાસ્તીવાળા વખતને અને પેલા બુરી બુધ્ધિવાળા (અંગ્રમઇનીઉશ) ની ઉલટી સહમજ શકતીઓને પોતાથી પાછી ફેરવવી. તેમજ ખરાબી કરનારા બુરા તાબેદારોને લગતી વગર સંભાળવાળી હકુમતને સુધારવી સજાવાર છે.

૨૦ જે પાદશાહ આતમાને લગતી અગમબુધ્ધિ વગરનો છે, તે બુરી બુધ્ધિવાળા (અંગ્રમઇનીઉશ) ની સહમજ શકતીવાળો છે. અને (પોતાના બુરા તાબેદારોની ખરાબીથી, (પોતાની રયતને) જાળવનારો નથી. તથા બુરા વખતમાં રયતનો મજબુત બચાવ કરનારો નથી; પણ જલદીથી તેઓને હાંણી પોહચાડનારો છે. જોકે તેણે પોતાની ઉલટી બુધ્ધિને હલાકીને મારેના વખતની અંદર તુરત ફેરવવી જોએછે, પણ તેનામાં અગમબુધ્ધિ નહી હોવાથી, તે હલાકી પોંહચાડવાને મારેના વખતને, તેણે જલદીથી કેમ ફેરવવો ? તે તેને જણાતું નથી. જેથી તેની હકુમતને હાંણ પોંહચવાની તેની રયત ઘણી ધાસ્તીમાં રેહછે. અને તે પાદશાહને તેથી
૨૧ ઘણો ભય રહેછે. જે પાદશાહ આતમાને લગતી દુરઅંદેશી વગરનો છે તેને તેની બુરી બુધ્ધિવાળી મનશકતીને લીધે હલાકીવાળા વખતને તથા તેની વગર આરામવાળી હકુમતને પોંહચેલાં નોકસાનને પાછું ફેરવવાને ઘણી ધાસ્તી રેહછે.

૨૨ જે પાદશાહ આતમાને લગતી અગમબુધ્ધિ વગરનો હોએછે, પણ તેની સહમજશકતીઓ દાનાઇવાળી હોએછે, તે (પાદશાહ) વખતને જોઇને ખરાબીથી આતમાનો સંભાળ કરવા સારૂ તેની અંદરની દાનાઇવાળી કઉઅતોના પ્રતાપી જોરનાં ઉપરીપણામાં તેનામાં જે તેન

હકુમતને ખરાબ કરવા માટેની અગમબુદ્ધિ વગરની કઉઅત હોએછે તેને છોડી દીએછે. અને તે પોતાની રૈયતને લગતી ધાસ્તી રાખનારો પાદશાહ, તેની હકુમતની સંભાળને સારૂં, તેને લગતો ખુબીવન્તો વખ્ત (ખોદાની હજુરમાં) ચાહેછે. અને તેથી, તેને લગતી પેલી બુરી બુદ્ધિને, અગમ બુદ્ધિવાલી શકતીની અંદર ફરવું તથા હલાકીવાળા વખતનું તેનીથી ઉલટાવું છે. તથા તેની હકુમત જે વગર આરામવાલી અને ખરાબી પોંહચવાની ધાસ્તીમાં છે, તેનો ફેરફાર થાએછે.

(૯૦૪) દરૂજની (યાને અંધ્રમઈનીઊશની) સખ્તી ઊપજાવનારી કોશેશને લગતા વખતનું, સ્પેનામીનોની પેદાએશની અંદરથી (સેવટે) નાબુદ થવુંછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. 1

જાણવું કે, ભલી દીનની અંદર જણાવેલુંછે કે, દરૂજ (અંધ્રમઈનીઊશ) 2
ને વખતની હદ જણાવાની આગમચ, (એટલેજે એહરેમનને પોતાની હારનો વખત નહી જણાવાને લીધે), પેદાના કરનાર દાદારનો અને તેની પેદાએશને લગતી (યજદ અમેશાસ્પંદોની) શકતીઓનો ધીકાર કરવાએ તથા પોતાને સારૂં ખોટું વીચારવાએ, (યાને ખોટું અભીમાન રાખવાએ), તે સરવેથી ચહડતે દરજ્જેની શકતીવાળા દાદારની તથા તેની પેદાએશની સામણે તે (પેદાએશ) ને હૈયાતી વગરની કરવાની લડાઇ કરનાર થાએઓ. અને તેથી તેને સરવે વાતની સહમજ ધરાવનારા દાદારે પીછાણેઓ. તેથી તે દરૂજને પુરતી રીતે આજેજ થવા વીશે લડાઇ કરવાની હદ આપી. તથા તે દરૂજ સાથે કેટલીએક મુદત સુધીની હદ કીધી. અને તે મુદતવેર દરૂજને તેની ખોટી કઉઅતવાળી
લડાઇની અજમાએશ ચાલુ રાખવાની છુટ આપી. તથા તે હદને માટેના 3
વખતનું પુરૂં થવું ખોરશેદને લગતી આસમાની ચાલ અને તેને લગતા એરાદા (યાને દોર) ની પુરવણીથી (મુકરર કીધી) છે. દરૂજની લડાઇનો નાસ થવો, સુરયની ચાલની વારેઘડીએ ઢીલ થવાએ છે. અને ખોરશેદને તેને લગતું ફરવાની વારેઘડીએ ઢીલ કરવાએ, સખતી ઉપજાવનારા દરૂજની સરૂઆતમાંની સખતી ઉપજાવનારી લડાઇ કરવાનું પડી ભાગવું થઈઉં હતું. શરૂઆતમાં, ૭૦ દાહડા અને રાત પુરી થઇ તાંહવેર, દાદારની કઉઅત (યાને યજદ અમેશાસ્પંદો) ની મારફતે, (દેવો અને યજદ અમે-

શાસ્પંદોને) એક બીજા સાથે લડાઇ કરવાથી, દરૂજની (યાને અંઘ્રમઇ-નીઉસની) હાર થઇ હતી. એ વેળા ખોરશેદ આસમાની એરાદાથી (યાને ચાલથી) અટકયો હતો.

૪ બીજું—જરતોશતને માટેનો હજારો, (યાને જરતોશતના દોર) ની આગમચનો વખત પુરો થાતી વખતે, (યજદો અને દેવો વચ્ચે) ફરીને એક બીજા સાથની લડાઇ થઇ હતી. અને તે સખ્ત લડાઇ કરવાની હદ ૧૦ દાહડા અને રાત સુધીની હતી. જરતોશતના હજારાની આખેરીએ, હોશેદર-ના હજારાનું શરૂ થવું છે. અને તેને (યાને હોશેદરને) અહુરમજદની સાથે (દીનને લગતી) પુછપરછ કરવી છે. તે વખતે ખોરશેદને આસમાની દોર (યાને બુરૂજની) ચાલની અંદર, અહુરમજદની કઉઅતને સારૂં ઉભું રેહવું છે. અને તે (વખતની) લડાઇથી, દેવોની હાર થશે. આએ વખતે

૫ ખોરશેદનો તેની ચાલમાં અટકાવ થવાથી જે ઢીલ થવી છે. તે હોશેદરના હજારાની આગમચનો (જરતોશતનો હજારો) પુરો થાવાના વખતને લગતી છે, અને તે (જરતોશત) ના (હજારા) પછીની લડાઇ ઘણી સખત રીતે થવાની છે. અને તે ૨૦ દાહડા અને રાતની હદવાળી છે.

૬ હોશેદરનો હજારો પુરો થતાં હોશેદર માહનું અહુરમજદની હજુરમાં દીનની પુછપરછને સારૂં જવું છે. એ વેલા ખોરશેદને આશમાની એરાદાથી (યાને ચાલથી) તેનાં મઠકની અંદર રેહવુંછે. અને દાદારની ચહડતે દરજેની કઉઅતથી તે લડાઇથી (દેવોની) હાર થાશે. અને ખોરશેદને તેટલો વખત તેની ઘટતી રીતની ચાલમાં ઢીલ થાશે.

